આજનો સુવિચાર

સુખી થવાનો કોઈ રસ્તો નથી, પરંતુ ખુશ રહેવું એજ એકમાત્ર રસ્તો છે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૧૭ જૂનાગઢ તા.૩૦-૦૪-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 117, Junagadh : Date : 30 April, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# આખરે કોવિડ વેકસીનની ગંભીર આડઅસરોનો સ્વીકાર : હાર્ટ એટેક, બ્રેઈન સ્ટ્રોક આવી શકે



## વેકસીન બનાવનાર કંપની એસ્ટ્રાઝેનેકાએ બ્રિટનની અદાલતમાં રજુ કરેલા દસ્તાવેજોથી ઘટસ્ફોટ : ભારતમાં સીરમ ઈન્સ્ટીટયુટ દ્વારા કોવિશીલ્ડનાં નામે વેકસીન અપાઈ હતી : ભારતમાં યુવાવયનાં લોકોમાં થતાં અચાનક મોત માટે વેકસીન જવાબદાર હોવાની ચર્ચા

લંડન તા. ૩૦ : રસી બનાવતી કંપની એસ્ટ્રાઝેનેકાએ બ્રિટિશ કોર્ટમાં પ્રથમ વખત સ્વીકાર્યું છે કે તેની કોવિડ-૧૯ રસી **TTS** જેવી દુર્લભ આડઅસર પેદા કરી શકે છે. **TTS** એટલે કે થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ શરીરમાં લોહી ગંઠાઈ જવાનું કારણ બને છે. તેનાથી પીડિત વ્યકિતને સ્ટ્રોક, હાર્ટ ફેલ્યોર વગેરે જેવી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે.

કોરોના રોગચાળા દરમિયાન, લોકોને રોગથી બચાવવા માટે **Oxford-AstraZeneca** રસી આપવામાં આવી હતી. ભારતમાં, તેની રસી અદાર પૂનાવાલાની સીરમ સંસ્થા દ્વારા બનાવવામાં આવી હતી. જે બાદમાં ભારત સહિત વિશ્વભરના કરોડો લોકોને આપવામાં આવી હતી. રોગચાળાના લગભગ ૪ વર્ષ પછી, એસ્ટ્રાઝેનેકાએ હવે સ્વીકાર્યું છે કે તેની કોવિડ રસી લોકોમાં ગંભીર આડઅસરો પેદા કરી શકે છે.

બ્રિટિશ હાઈકોર્ટમાં રજૂ કરાયેલા દસ્તાવેજોમાં એસ્ટ્રાઝેનેકાએ આડ અસરોનો સ્વીકાર કર્યો છે. જો કે, રસીના કારણે થતી આડઅસર સ્વીકાર્યા પછી પણ, કંપની તેના કારણે થતા રોગો અથવા ખરાબ અસરોના દાવાનો વિરોધ કરી રહી છે.

આ સમાચાર ભારત માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે કોવિડ-૧૯ ના ફેલાવા દરમિયાન, તે જ ઓકસફોર્ડ-એસ્ટ્રોઝેનેકા રસીનો અહીં કોવિશિલ્ડના નામથી મોટા પાયે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ભારતીય કંપની સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડીયાએ એસ્ટ્રાઝેનેકા પાસેથી મેળવેલા લાયસન્સ હેઠળ દેશમાં આ રસીનું ઉત્પાદન કર્યું હતું અને તેનો ઉપયોગ માત્ર ભારતના કોવિડ રસીકરણ અભિયાનમાં જ થયો ન હતો, પરંતુ વિશ્વના ઘણા દેશોમાં તેની નિકાસ પણ કરવામાં આવી હતી.

કોવિશિલ્ડ ઉપરાંત, આ રસી ઘણા દેશોમાં વેક્સજાવેરિયા બ્રાન્ડ નામથી પણ વેચવામાં આવી હતી. એસ્ટ્રાઝેનેકા સામે આ કેસ જેમી સ્કોટ દ્વારા દાખલ કરવામાં આવ્યો છે, જેમને આ રસી લીધા પછી મગજને નુકસાન થયું હતું. ઘણા પરિવારોએ આ રસીની આડઅસર અંગે કોર્ટમાં ફરિયાદ પણ કરી હતી.

કોર્ટમાં પહોંચેલા ફરિયાદીઓએ કંપની પાસેથી શરીરને થયેલા નુકસાન માટે વળતરની માંગણી કરી છે. ખાસ વાત એ છે કે બ્રિટને હવે સુરક્ષાના કારણોસર આ વેકસિન પર પ્રતિબંધ લગાવી દીધો છે. કંપનીની આ સ્વીકૃતિ બાદ વળતરની માંગણી કરનારા લોકોની સંખ્યા પણ વધી શકે છે.


## અયોધ્યામાં ગરમીનો કાળો કેર બે યાત્રાળુનાં મોત

અયોધ્યા તા. ૩૦

આકરી ગરમી અને આકરા સૂર્યપ્રકાશ હવે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. દિવસનું તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચી ગયું છે. સોમવારે રામલલાના દર્શન કરવા આવેલા બે ભક્તોના મોત થયા હતા. અયોધ્યામાં પ્રથમ બનાવ સવારે ૧૧ વાગ્યે બન્યો હતો. રામજન્મભૂમિ સંકુલમાં પ્રસાદ કાઉન્ટર પાસે દર્શન માટે આવેલી મહિલા શ્રદ્ધાળુ બેભાન થઈને પડી હતી. સુરક્ષાકર્મીઓ મહિલાને શ્રી રામ હોસ્પિટલ લઈ ગયા. જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

બીજી ઘટનામાં દર્શન માર્ગ પર એક ૭૦ વર્ષીય વ્યક્તિ બેભાન થઈ ગયા હતા. સુરક્ષાકર્મીઓ તેને શ્રીરામ હોસ્પિટલમાં પણ લઈ ગયા જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યા. રામજન્મભૂમિ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દેવેન્દ્ર પાંડેએ જણાવ્યું કે મહિલા ભક્તની ઉંમર ૫૦ વર્ષ હોવાનું કહેવાય છે. તેની ઓળખ થઈ નથી, તેની સાથે કોઈ નહોતું. છેલ્લા બે દિવસમાં ત્રણ ભક્તોના મોત થયા છે.

# ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો પર મતદાન આડે હવે ગણતરીના દિવસો બાકી : હીટવેવ અને વિવાદની ગરમીથી ચિંતા



ગાંધીનગર તા. ૩૦

દેશમાં યોજાઈ રહેલી લોકસભા ચુંટણીના ત્રીજા તબકકામાં ગુજરાતમાં હવે આગામી તા.૭ના રોજ તમામ ૨૫ બેઠકો પર યોજાનારા મતદાન આડે હવે એક જ સપ્તાહ બાકી રહ્યું છે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આવતીકાલથી બે દિવસની સૌરાષ્ટ્ર ગુજરાતની રેલીઓ-સભાઓ સિવાય સમગ્ર પ્રચાર કોઈ ‘હાઈટ’ વગર જ સંપન્ન થશે તેવા સંકેત છે.

ગુજરાતમાં ઉમેદવારીના પુર્વે અને ઉમેદવારોના નામની જાહેરાત સાથે જ રીતે વિવાદ સર્જાયા અને ભાજપને બે લોકસભા બેઠક પર તેના જાહેર થયેલા ઉમેદવારોને બદલવા પડયા બાદ આ ચુંટણીમાં બીજો સૌથી મોટા અને રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ જે રીતે મહારાજાઓ અંગે વિધાનો કર્યા અને ક્ષત્રિય સમાજ માટે અપમાનજનક પરીસ્થિતિ સર્જી તે આજ દીન સુધી પ્રચારમાં કેન્દ્રસ્થાને રહ્યા છે અને જે રીતે ક્ષત્રિય સમાજે ‘બોયકોટ-રૂપાલા’ ઝુંબેશ હવે ભાજપ વિરોધી આંદોલનમાં ફેરવી નાખી તે પછી આ મુદો પ્રચારના અંતિમ દિન સુધી છવાઈ રહેશે અને મતદાન પર પણ તેની ‘અસર’ દેખાશે તેવા સંકેત છે.

તો રૂપાલાના વિધાનો બાદ ‘ભાજપ-કોંગ્રેસ-આપ’ના અનેક નેતાઓએ રાજા-મહારાજા અંગે બફાટભર્યા નિવેદનો અને વિધાનો ચાલુ રાખતા તેમાં પણ હવે નવા વિવાદને સર્જાવાની તક આપી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો પર પાંચ લાખથી વધુ મતોની બહુમતીથી જીતનો લક્ષ્યાંક રાખ્યો અને તેમાં સુરત લોકસભા બેઠક જે રીતે ‘બિનહરીફ’ કરાવવામાં સફળતા મેળવી પણ રૂપાલાના વિધાનોએ હવે અનેક બેઠકો પર ભાજપ માટે ‘વાતાવરણ’ બગાડી નાખ્યુ છે અને તેની અસર પ્રચારમાં પણ દેખાઈ રહી છે.

રાજયભરમાં ભાજપની સભામાં તથા કાર્યાલયના પ્રારંભ વગેરેમાં ક્ષત્રિયોના દેખાવો અને ખાસ કરીને ક્ષત્રિય મહિલાઓ જે રીતે આક્રમક બની છે તે આ ચૂંટણીમાં પ્રભાવ પાડી રહ્યો છે

ગૃહમંત્રી અમીત શાહ અને રાજનાથસિંહ પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સભા-રેલી-રોડ-શો કર્યા છે અને હજુ અમીત શાહ પ્રચારનો એક રાઉન્ડ યોજશે તો કાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત અને તા.૨ના રોજ સૌરાષ્ટ્રમાં જુનાગઢ, સુરેન્દ્રનગર અને જામનગરમાં રેલી યોજીને ભાજપના પ્રચાર પર ‘મોદી ઈફેકટ’ સર્જવા પ્રયાસ કરશે.

ભારે ગરમીએ પ્રચારમાં મોટું નેગેટીવ ફેકટર બની ગયું છે. ઉમેદવારોએ તેવીજ નાની સભા-ઈન્સ્ટન્ટ-સ્કુટર બાઈક રેલી અને જ્ઞાતિ સભાને તથા જૂથ બેઠકોથી સંતોષ માન્યો છે અને આ મતદાનમાં હીટવેવ કેવું પ્રભાવ પાડશે તેની જબરી ચર્ચા છે. ઓછું મતદાન એ પ્રથમ બે તબકકાના ટ્રેન્ડ રહ્યા છે તે હવે ત્રીજા તબકકામાં ગુજરાતમાં પણ જોવા મળશે તો નજીકની ફાઈટવાળી અનેક બેઠકો પર પરિણામ પર અસર કરી શકે છે.

## બ્રેકીંગ ન્યુઝ

કર્ણાટકનાં રાજકારણમાં સેકસ સ્કેન્ડલથી હાહાકાર : ૨૯૦૦ મહિલાઓનું યૌન શોષણ કરનાર જેડીએસનાં પ્રજ્વલ રેવન્ના પક્ષમાંથી બરતરફ : ભૂતપૂર્વ વડાપ્રધાન દેવગૌડાનાં પૌત્ર છે પ્રજ્વલ

## બ્રેકીંગ ન્યુઝ

અમિત શાહનાં નકલી વિડીયોનાં મામલામાં સાયબર ક્રાઈમ પોલીસે અમદાવાદથી બે વ્યક્તિની ધરપકડ કરી : કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનાં કાર્યકર મનાતા સતિષ વણસોલા અને આર. બી. બારીયાની ધરપકડ

# છત્તિસગઢ - મહારાષ્ટ્ર બોર્ડર પર એન્કાઉન્ટરમાં ૪ નકસલવાદીઓ ઠાર

જગદલપુર તા. ૩૦

છત્તીસગઢ-મહારાષ્ટ્ર બોર્ડર પર પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ ચાલી રહી છે.

ડીઆરજી અને એસટીએફના જવાનોએ નારાયણપુરના તાકામેટા વિસ્તારમાં નક્સલવાદીઓને ઘેરી લીધા છે.


આજે સવારથી બંને તરફથી ભારે ગોળીબાર ચાલુ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એન્કાઉન્ટરમાં ૩ થી ૪ નક્સલવાદીઓ માર્યા ગયા છે. નારાયણપુરના એસપી પ્રભાત કુમારે એન્કાઉન્ટરની પુષ્ટિ કરી છે. તાકામેટા વિસ્તારમાં મોટી સંખ્યામાં નક્સલવાદીઓ હાજર છે

મળતી માહિતી મુજબ, પોલીસને માહિતી મળી હતી કે છત્તીસગઢ અને મહારાષ્ટ્ર બોર્ડરના તાકામેટા વિસ્તારમાં મોટી સંખ્યામાં નક્સલવાદીઓ હાજર છે. આ માહિતીના આધારે સૈનિકો સોમવારે મોડી રાત્રે સર્ચ ઓપરેશન માટે રવાના થયા હતા. સૈનિકોએ નક્સલવાદીઓને ગોળીઓથી જવાબ આપ્યો

આજે સવારે જ્યારે સૈનિકો આ વિસ્તારમાં પહોંચ્યા તો નક્સલવાદીઓએ તેમને જોતા જ તેમના પર ગોળીબાર કરી દીધો. આ પછી જવાનોએ પણ નક્સલીઓની ગોળીઓનો જવાબ આપ્યો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અહીં નક્સલવાદીઓના મોટા કેડર હાજર છે.

કહેવામાં આવી રહ્યું છે કે જવાનોએ નક્સલવાદીઓને ઘેરી લીધા છે. પ્રાથમિક માહિતી મુજબ ૩ થી ૪ નક્સલવાદીઓ માર્યા ગયા છે. જોકે, નારાયણપુરના એસપી પ્રભાત કુમારે હજુ સુધી માર્યા ગયેલા નક્સલવાદીઓની સંખ્યાનો ખુલાસો કર્યો નથી. તેમણે કહ્યું કે ઓપરેશન ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં સંપૂર્ણ માહિતી આપવામાં આવશે.

## પતંજલિને ઉત્તરાખંડ સરકારે ઝટકો આપ્યો : ૧૪ પ્રોડકટનું લાયસન્સ રદ



નવી દિલ્હી તા.૩૦

ઉત્તરાખંડ સરકારે બાબા રામદેવની પતંજલિ આયુર્વેદ અને દિવ્યા ફાર્મસીના લગભગ ૧૪ ઉત્પાદનોના ઉત્પાદન લાયસન્સ સસ્પેન્ડ કરી દીધા છે. ઉત્તરાખંડ સરકાર દ્વારા ગત સાંજે સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવિટમાં આ માહિતી આપવામાં આવી છે. ઉત્તરાખંડ સરકારની લાઈસન્સિંગ ઓથોરિટીએ પણ સોમવારે ઉત્પાદનો પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જાહેર કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે- પતંજલિ આયુર્વેદના ઉત્પાદનો વિશે વારંવાર ભ્રામક જાહેરાતો પ્રકાશિત કરવાને કારણે કંપનીનું લાઈસન્સ અટકાવી દેવામાં આવ્યું છે. દિવ્યા ફાર્મસી પંતજલિ પ્રોડકટ્સને મેન્યુફેકચરિંગ કરે છે. રાજ્ય લાયસન્સિંગ ઓથોરિટીએ બાબાની ફર્મને કફ, બ્લડ પ્રેશર, સુગર, લીવર, ગોઈટર અને આંખના ટીપાં માટે વપરાતી ૧૪ દવાઓનું ઉત્પાદન બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે.

સ્ટાફ જોઈએ છે

ગ્રેજ્યુએટ સ્ટાફ, એકાઉન્ટ તથા કોમ્પ્યુટરના જાણકાર ઉત્સાહી યુવકની જરૂર છે. ઉંમર: ૨૨ થી ૪૦ (જુનાગઢમાં રહેતા વ્યક્તિએ જ સંપર્ક કરવો)

સમય : સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી

Mo. 9825815796

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

ખોડલધામ ટુર

મથુરભાઈ વાગડીયા
જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭
(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪
(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ
વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪
(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને

ફ્લાય ફાસ્ટની અવિરત સેવાથી આપના બિઝનેશને પ્રગતિની પાંખો લગાવો

વ્યાજબી દર... સમયસર ડિલીવરી... વિશિષ્ટ ગ્રાહક સેવા... વિશ્વાસપાત્ર પાર્સલ સેવા...

મેડીકલ આઈટમ તથા દવા
ગારમેન્ટ
પ્લાઈવુડ
ઈલેક્ટ્રીક એપ્લાઈન્સ

સૌરાષ્ટ્ર ભૂમિ FlyFast POWERED BY SAURASHTRA BHOOMI

CALL : 99097 06464
બુકિંગ ઓફિસ : મહાસાગર ટ્રાવેલ્સ ઓફિસની બાજુમાં, ગાંધી ચોક, જૂનાગઢ.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

CMYK

# સાળંગપુર ધામના હરિપ્રકાશદાસજી સ્વામીના ૫ ગુણો વિશે નિલકંઠ ભગતે વર્ણન કર્યું




સાળંગપુર, તા.૩૦

દુબઈની ધરતી ઉપર સાળંગપુરધામના હરિપ્રકાશદાસજી સ્વામીની ત્રણ દિવસની શ્રીહનુમાન ચરિત્ર કથાનું આયોજન કરાયું હતું. જેમાં કથાના ત્રીજા દિવસે નિલકંઠ ભગત હરિપ્રકાશદાસજી સ્વામીના પાંચ મોટા ગુણોની વાત કરી હતી. તો આવો ગુજરાતી જાગરણના માધ્યમથી આ પાંચ ગુણો કયા છે તેની વાત કરીએ.

(૧) સ્વામીજી ખુબ મોટા વક્તા છે : ગુજરાતમાં હનુમાન ચાલીસાની અલખ જગાવી છે. લાખો લોકો હનુમાનજીના જીવનમાંથી પોતાનું જીવન શણગારે છે. હનુમાનજીમાંથી પ્રેરણા લે છે. આધ્યાત્મિક અને વ્યવહારૂ પ્રેરણા લે છે. વાત કરવાની આવડત હનુમાજી મહારાજ શીખવે છે, સાહસ હનુમાનજી મહારાજ શીખવે છે. સ્વામીજીએ હનુમાનજી મહારાજના ચરિત્રનું વર્ણન એવી રીતે કર્યું કે લાખો યુવાનોના હનુમાનજી રોલ મોડલ બન્યા છે. સ્વામીજીને સાંભળનારાઓની સંખ્યા એક મહિનામાં એક કરોડને પાર પહોંચી ગઈ છે.

(૨) સ્વામીજી ભજન બહુ કરે છે : દિવ્યતાથી હરીપ્રકાશસ્વામી ભજન કરે છે. સ્વામીજી કોઈપણ મંદિરમાં જાય તો તે મૂર્તિની સામે બેસી ભજન કરવાનું ભૂલતા નથી. સ્વામી રોજ સાંળગપુરમાં દાદાની સામે એકથી બે કલાક બેસે અને ભજન કરે. આ જ ભજનના પ્રતાપે આ આધ્યાત્મિક કાર્યો થાય છે. સાધુ ઓળખાય કોનાથી? સાધુના નામે કામ થવા માંડે એટલે સમજવું કે ભગવાનને એ સાધુ પ્રિય હશે. એટલા માટે આપણને આ વિકાસના કાર્યો જોવા મળે છે.

(૩) સ્વામીજીનું મેનેજમેન્ટ શ્રેષ્ઠ છે : સાળંગપુરધામમાં તમે સંસ્થાનું મેનેજમેન્ટ તમે જોઈ રહ્યા છો, તેની પાછળ સ્વામી છે. સ્વામી સાથે વાત થઈ રહી હતી ત્યારે તેઓએ કહ્યું કે આ દુબઈનો વિકાસ થયો કેવી રીતે.તેનો ઈતિહાસ ૩૫ વર્ષનો છે. ત્યારે એ વાત સ્પષ્ટ થાય છે કે અહીંના રાજા, અહીંની સિસ્ટમ ઈમાનદારીપૂર્વ કામ કરતી હશે, પોઝિટિવ હશે, બધાનો સ્વિકાર કરતા હશે, વિકસવાની બધાને તક આપતા હશે, સારુ કરવાની ભાવના હશે, તો જ આખું વિશ્વ દુબઈમાં આવે. આવી જ ભાવના સાળંગપુરમાં તમને આજે દેખાય છે. ગુજરાતનું સૌથી મોટું ભોજનાલય એક વર્ષમાં પૂર્ણ કર્યું છે. જ્યા રોજ ૨૫ હજાર લોકો નિઃશુલ્ક પ્રસાદ લે છે. ૧૧૦૦ રુમોનું યાત્રાભવન બે વર્ષમાં તૈયાર થઈ જશે. આ કોઈ નાનું મેનેજમેન્ટ હોય તો થાય નહીં. સંતો અને ટીમના તમામ લોકો સાથે સુમેળભર્યું વાતાવરણ બનાવ્યું જેથી આ મંદિરમાં વિકાસ દેખાઈ રહ્યો છે.

(૪) સ્વામીજીનું વિઝન સારૂ છે : એક વ્યક્તિ સ્વામીજી સાથે થેલી લઈ વિચરણ કરે. પધરામણી હોય ત્યારે બધી વાતચીત કરવાની થાય તમામ વાતનું મેનેજમેન્ટ કરવાનું. પણ સ્વામી સાથે રહી એવી કૃપા થઈ કે સંપ્રદાયનું સૌથી મોટું મંદિર સાળંગપુરધામ અને સૌથી નાની વયના કોઠારી સ્વામી વિવેદસાગરદાસજી સ્વામી છે. જેમને સ્વામીજીએ તૈયાર કર્યા છે. શક્તિ તો હોય જ છે પરંતુ તેને કેવી રીતે ખીલવવી ? તે આવડત સ્વામીજી પાસે છે.




(૫) સ્વામીજી બધાનો સ્વિકાર કરે છે : નાત અને જાત ભૂલી બધાનો સ્વિકાર કરીએ ત્યારે આ વાતાવરણ બને છે. જે સૌનો સ્વિકાર કરે તેને સૌ સ્વિકારે છે. આ આધ્યાત્મિક માર્ગમાં સફળ સંચાલન દેખાય છે. એમનો પ્રભાવ એવો છે કે હજારો લોકોના જીવન પરિવર્તન થઈ રહ્યા છે. હજારો લોકો વ્યસન-ડ્રગ્સ- દારુ છોડી આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશી રહી છે. હજારો લોકો નિતિમતામાં આગળ વધી રહ્યા છે. તમામ લોકો દાદાના સાનિધ્યમાં પોતાનું જીવન જીવે છે.

# ખંભાળિયામાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને જોવા મળતો ઉત્સાહભર્યો માહોલ

**શહેરની મધ્યમાં સાંસદ પૂનમબેન માડમનું મધ્યસ્થ કાર્યાલય ખુલ્લુ મુકાયું : સાંસદ પરિમલ નથવાણી, કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની ખાસ ઉપસ્થિતિ**









(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ખંભાળિયા શહેરમાં ગઈકાલથી જાણે ચૂંટણીલક્ષી માહોલ વધુ ઘેરો બન્યો હોય તેવું ચિત્ર જોવા મળ્યું હતું. ગઈકાલે સાંજે શહેરની મધ્યમાં સાંસદ પૂનમબેન માડમનું મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં આગેવાનો, હોદ્દેદારો તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. જેને જોતા મતદારોમાં ઉત્સાહની લાગણી જોવા મળી હતી. જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમ કે જેનું સ્થાન સમગ્ર હાલારની જનતાના હૃદયમાં મુઠ્ઠી ઉંચેરૂ છે, તેમને ભારતીય જનતા પાર્ટીએ વધુ એક વખત ટિકિટ આપી અને ઉમેદવાર ઘોષિત કર્યા છે. ત્યારથી જ આ જિલ્લાની જનતામાં વ્યાપક આવકાર સાથે ઉત્સાહની લાગણી જોવા મળી હતી.

ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાંસદ પૂનમબેન માડમના લોક સંપર્ક કાર્યક્રમોમાં ગ્રામજનો તેમને આવકાર સાથે હોંશભેર જોડાય છે. ત્યારે ગઈકાલે દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાના હાર્દ સમા જોધપુર વિસ્તારમાં સાંસદ પૂનમબેન માડમના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું આ પૂર્વગત સાંજે શહેરમાં એક ભવ્ય રોડ શો યોજવામાં આવ્યો હતો. ગત સાંજે અહીંના મિલન ચાર રસ્તા વિસ્તારમાં જામનગર - દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પૂનમબેન માડમનું અત્રે આગમન થયું હતું. આ રોડ શો ના પ્રારંભે ચાર રસ્તા વિસ્તારમાં આવેલી બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને તેમણે ફુલહાર કર્યા હતા. ત્યાર બાદ પ્રજાપતિ સમાજ, ચારણ સમાજ, સતવારા સમાજ, મુસ્લિમ સમાજ, અનુસૂચિત સમાજ, વાંઝા જ્ઞાતિ મંડળ, વાલ્મિકી સમાજ, દશા સોરઠીયા વણિક સમાજ, બ્રહ્મ સમાજ, લોહાણા મહાજન ટ્રસ્ટ, ગુર્જર સુથાર સમાજ, સોની સમાજ તથા એસોસિએશન, લુહાર સમાજ, વાણંદ સમાજ, મોચી સમાજ, આહિર સમાજ, કંસારા સમાજ, દશનામ ગોસ્વામી સમાજ તથા શ્રી રામાનંદી સમાજ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં સાંસદ પૂનમબેન માડમને હારતોરા તેમજ ફુલહાર વડે આવકારી અને સન્માન કરવામાં આવ્યું હતું. આ રોડ શો અહીંના ચાર રસ્તા, નગર ગેઈટ, નવાપરા રોડ, જોધપુર ગેટ, વીગેરે વિસ્તારમાં યોજાયો હતો. જે ચોકમાં પૂર્ણ થઈ અને અહીં સાંસદ પૂનમબેન માડમ, પરિમલભાઈ નથવાણી, મુળુભાઈ બેરા વિગેરેના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી, આ મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અહીં ઉપસ્થિત સૌ કોઈએ સ્વૈચ્છિક રીતે મહત્તમ મતદાન કરવાની તૈયારી દર્શાવી અને પુનઃ કેસરિયો લહેરાઈ તેવી ખાતરી આપી હતી. ત્યાર બાદ અત્રે જોધપુર ગેઈટ ચોક ખાતે જંગી જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે ખંભાળિયાના મૂળ વતની તથા રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણી, અહીંના ધારાસભ્ય તથા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, રાજપૂત આગેવાન અને જિલ્લા પંચાયતના પી.એસ. જાડેજા સહિતના આગેવાનો હોદ્દેદારો વેપારીઓ તેમજ કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જાહેર સભા દરમ્યાન ખંભાળિયાના મૂળ વતની અને રઘુવંશી સમાજના ગૌરવ સમાન પરિમલભાઈ નથવાણીએ તેમના વક્તવ્યમાં લોકશાહીના મહાપર્વમાં સૌ કોઈએ મહત્તમ મતદાન થાય અને સવારથી જ મતદાન બાદ અન્ય કામગીરી કરવામાં આવે તેવી અપીલ કરી હતી. હાલાર પંથકના હજુ વધુ વિકાસ માટે સક્રિય અને યોગ્ય ઉમેદવારને લોકો મત આપે તેવી તેમની અપીલ રહી હતી. આ પ્રસંગે ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમે જણાવ્યું હતું કે આ ભવ્ય રોડ શો તથા લોક સંપર્ક સાથે મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટનમાં સ્વૈચ્છિક રીતે ઉમટેલી જન્મેદની તેમજ લોકોના હોંશથી પરિણામની પ્રતીતિ સાથે સમરસ વાતાવરણ જોવા મળી ર હ ે ુ ં છે. આગામી તારીખ ૭ ના રોજ યોજાનાર મતદાન માટે લોકોનો ઉત્સાહ અને થનગનાટ જોતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હાલાર પંથકને આપેલી સુવિધાઓ તેમજ વિકાસને લોકો અવિરત રીતે આગળ વધે તે રીતે મતદાન કરશે તેમ જણાવી અને હાલારની જનતા મજબૂત ભારતની વિકાસ યાત્રાને આગળ ધપાવવા તત્પર હોવાનું જણાવ્યું હતું. આ ભવ્ય અને સફળ આયોજન બાદ બદલ તેમણે ઉપસ્થિત સૌ કોઈનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, ગઢવી અગ્રણી ઘેલુભાઈ ગઢવી, સતવારા અગ્રણી હરિભાઈ નકુમ, એભાભાઈ કરમુર, સહિતના આગેવાનો, હોદ્દેદારો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ સમગ્ર આયોજન દરમ્યાન આ વિસ્તારના તમામ માર્ગો ઉપર સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# જૂનાગઢના નૂરી કલીનીક એન્ડ નિદાન કેન્દ્રમાં જેન્ટસ હિજામા(કપીંગ થેરાપી) કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ અમીરે અહલે સુન્નત, હઝરત અલ્હાજ પીર નૂરમુહંમદ બાપુ મારફાની ર ા ા હ બ ા અલયહીર્રહમાંના(૨૬)માં ઉર્ષ શરીફ નિમિતે ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના ગાદીનશીન હઝરત અલ્હાજ ગુલઝાર બાપુ નૂરી દ્વારા સંચાલિત નૂરી કલીનીક એન્ડ નિદાન કેન્દ્ર, મસ્જીદે રઝા પાસે, ઉધીવાડા, જૂનાગઢ ખાતે પુરૂષો માટે તા.૫-૫-૨૦૨૪ રવિવારે હિજામા(પીંગ થેરાપી) કેમ્પનું આયજન કરવામાં આવેલ છે. આ હિજામા કેમ્પમાં રાજકોટના પ્રખ્યાત અને હિજામાનો બહોળો અનુભવ ધરાવતા હિજામા થેરાપિસ્ટ વસીમભાઈ માંઢાત સેવા આપશે. આ હિજામા આડ અસર વગરનો ઈલાજ છે. હિજામા એ પ્રાચીન અને સદીઓથી ઉપયોગ કરવામાં આવતી સારવારની પધ્ધતિ છે. જેને આધુનિક રીતે વધુ ઉપયોગી, વધુ સરળ અને વધુ ફાયદાકારક બનાવવામાં આવી છે. મનુષ્યની તંદુરસ્તીનો આધાર શુધ્ધ અને સ્વચ્છ લોહી ઉપર હોય છે. ૭૦ ટકાથી વધુ બિમારીઓ શરીરમાં રહેલા વિષાણુ યુક્ત લોહી દ્વારા થાય છે. જેના કારણે મનુષ્યની તંદુરસ્તી ઉપર ખરાબ અસર પડે છે અને તે શારીરીક અને માનસિક બિમારીઓનો ભોગ બને છે. દરેક મનુષ્ય(સ્ત્રી અને પુરૂષ)માં ઓછા-વધુ પ્રમાણમાં વિષાણુ યુક્ત લોહી રહેલુ હોય છે.

હિજામા દ્વારા શરીરમાં રહેલા આવા વિષાણુ યુક્ત લોહીને બહાર કાઢી નાખવામાં આવે છે. મોડર્ન મેડીકલ સાયન્સ પણ હવે ઝડપથી હિજામા તરફ વળી રહ્યું છે. ઘણી બિમારીઓમાં જેમાં મોઘાદાટ જેવા ઈલાજથી રાહત નથી મળતી તેવી બિમારીઓમાં પણ રેગ્યુલર હિજામા કરવાથી રાહત મળે છે.

જુની હઠીલી બિમારીઓમાં પણ આશીર્વાદ રૂપ છે. હિજામા સ્ત્રી-પુરૂષ તથા દરેક ઉંમરની વ્યક્તિ કરાવી શકે છે. હિજામા ક્યા ક્યા રોગો માટે છે ? માથાના દુઃખાવા, કમરના દુઃખાવા, ઢીંચણના દુઃખાવા, હૃદયની તકલીફ, બ્લડ પ્રેશર, થાઈરોઈડ, મોટાપો, સ્કીન એલર્જી, આંખના નંબર, ખેંચ આવવી, વેરીકોઈઝ વેઈન, સાઈટીકા ની તકલીફ, ડીપ્રેશન જેવા અનેક રોગોનો ઉપાય હીજામા થેરાપી દ્વારા થઈ શકે છે. આ કેમ્પમાં એક કપના રૂા.૬૦/- ચાર્જ લેવામાં આવશે. તો જરૂરીયાતમંદવાળા દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. કેમ્પમાં સવારે ૧૦ વાગ્યાથી હિજામા શરૂ કરવામાં આવશે. આ કેમ્પમાં મર્યાદિત સંખ્યામાં દર્દી લેવાના હોવાથી દર્દીઓએ બેદિવસ પહેલા નૂરી કલીનીક એન્ડ નિદાન કેન્દ્ર, ઝાલોરાપા રોડ, ઉધીવાડા, જૂનાગઢ ખાતે અથવા મોબાઈલ નંબર ૯૯૦૪૧ ૩૬૭૮૬ - ૭૮૭૪૪ ૮૭૬૩૬ -૯૯૭૯૧ ૩૪૨૮૪ - ૯૯૯૮૮ ૩૯૪૦૬ - ૯૮૨૪૨ ૦૨૬૯૫ ઉપર નામ નોંધાવવાનું રહેશે તેમ યાદીમાં જણાવાયું છે.

# ખંભાળિયા હોમગાર્ડના જવાનને ફરજ ઉપર જતા પૂર્વે હૃદયરોગનો જીવલેણ હુમલો : અરેરાટી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયા હોમગાર્ડમાં ફરજ બજાવતા એક વિપ્ર યુવાનને ફરજ ઉપર જતા પૂર્વે મંદિર નજીક હૃદયરોગનો ઘાતક હુમલો આવી જતા તેમનું મૃત્યું નીપજ્યું હતું. આ બનાવની વિગત મુજબ ખંભાળિયામાં રાવલ પાડો વિસ્તારમાં રહેતા હેમલભાઈ બલવંતરાય દવે નામના ૪૨ વર્ષના યુવાન કે જે હોમગાર્ડમાં ફરજ બજાવી રહ્યા હતા. તેઓ અત્રે મેઈન બજારમાં આવેલા હરસિધ્ધિ માતાજીના મંદિર ખાતે સવારના સમયે ફરજમાં જતા પૂર્વે દર્શન કરવા ગયા હતા. ત્યારે એકાએક તેમને હૃદય રોગનો હુમલો આવતા આ હાર્ટ એટેક તેમના માટે જીવલેણ સાબિત થયો હતો. તેમને મૂર્છિત હાલતમાં અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ ઉપરના તબીબોએ તેમને મૃત્યું પામેલા જાહેર કર્યા હતા. આ બનાવના અનુસંધાને અહીંના જિલ્લા હોમગાર્ડ કમાન્ડર સંદીપભાઈ ખેતિયા તેમજ અન્ય હોમગાર્ડના જવાનો પણ હોસ્પિટલે દોડી ગયા હતા. આ બનાવની જાણ આશિષભાઈ બલવંતરાય દવે(ઉ.વ. ૪૪) એ અહીંની પોલીસને કરી છે. વિપ્ર યુવાનના અકાળે થયેલા અવસાનથી બ્રહ્મ સમાજ સાથે હોમગાર્ડ વર્તુળોમાં ભારે શોક સાથે અરેરાટી પ્રસરી જવા પામી છે.

## પરિક્રમા કરવા નીકળેલા લોકોને અપાઈ સૂચના

# ભર ઉનાળે નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવશે

**નર્મદા ડેમમાંથી ૩૦ હજાર ક્યુસેક પાણી છોડાશે**



નર્મદા, તા.૩૦

નર્મદા ડેમથી મોટી ખબર આવી છે. નર્મદા ડેમના રિવર બેડ પાવર હાઉસના સંચાલન માટે આજે ૨૯ એપ્રિલ સાંજે ૮ વાગે નર્મદા ડેમમાંથી ૩૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવશે. હાલ હાલ નર્મદા પરિક્રમા ચાલી રહી છે જેથી કાંઠે ચાલી રહેલા પરિક્રમાવાસીઓ ને સાવધ રહેવા સૂચના આપવામાં આવી છે. નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરિક્રમાવાસીઓએ નદીમાં નહિ જવા માટે અને પરિક્રમા કરતા લોકોને સતર્ક રહેવા સૂચના આપી છે. હાલમાં તિલકવાડા અને શહેરાવ વચ્ચે પરિક્રમાવાસીઓ માટે હંગામી પુલ બનાવ્યો છે, જો તેની ઉપરથી પાણી જતું હોય તો પુલ નો ઉપયોગ નહિ કરવા પણ સૂચના આપવામાં આવી છે.

નર્મદા જિલ્લામાં ચૈત્ર મહિના દરમિયાન યોજાતી માં નર્મદાની ઉત્તરવાહિની પંચકોશી પરિક્રમા અર્થે મોટી સંખ્યામાં પરિક્રમાર્થીઓ વિવિધ રાજ્યોમાંથી આવી રહ્યા છે. મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, રાજસ્થાનથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. રોજ લાખોની સંખ્યામાં પરિક્રમા કરવા નીકળી પડે છે. ત્યારે પરિક્રમાર્થીઓ માટે પુરતી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે પરિક્રમા શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહી છે. પરિક્રમાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ૨૪૭૭ કલાક કન્ટ્રોલરૂમના માધ્યમથી સમગ્ર પરિક્રમા ઉપર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શાંતિ-સલામતી સુવિધા પર નજર રાખવામાં આવી રહી છે.

પરિક્રમા કરવા માટે આવેલા ૬૩ વર્ષીય શ્રદ્ધાળુનું પરિક્રમા દરમિયાન મોત થયું હતું. વડોદરા માંજલપુરના સુરભી પાર્કમાં રહેતા ૬૩ વર્ષીય હરિસ ગણપતરાવ મદનેનું મોત થયું હતું. હરિસ મદને પોતાની પત્ની અને પરિવાર સાથે નર્મદા પરિક્રમા કરવા આવ્યાહ તા. પરિક્રમા દરમિયાન તબિયત બગડતા કપિલેશ્વર મંદિર ખાતે આરોગ્ય ટીમ દ્વારા દર્દીની તપાસ કરવામાં આવી હતી. પરિક્રમા માર્ગ પર તૈનાત આરોગ્ય ટિમ દ્વારા દર્દીની તપાસ કરી તત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તિલકવાડા સરકારી હોસ્પિટલ ખાતે દર્દીની તપાસ કરતા ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા. ૬૩ વર્ષીય હરિસ મદનેને અગાઉ પણ હાર્ટ એટેક અને પેરેલીસીસની તકલીફ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

# દેવભૂમિ દ્વારકામાં ચૂંટણી પ્રચાર દરમ્યાન ધર્મ કે જાતિના નામે મત માંગી શકાશે નહિ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

અગામી લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે ગુજરાતભરમાં તા. ૭ મે ના રોજ મતદાન થવાનું છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર જોરશોરથી થઈ રહ્યો છે. જે અન્વયે ચૂંટણી પંચ દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર અમુક સૂચનાઓ જાહેર કરવામાં આવી છે, જે મુજબ ચૂંટણી એક બિનસાંપ્રદાયિક પ્રક્રિયા હોવાથી ચૂંટેલા ઉમેદવારની કાર્યશૈલી પણ બિનસાંપ્રદાયિક હોવી જોઈએ. કોઈ પણ વ્યક્તિ ધર્મના નામે ચૂંટણી પ્રચાર કરી શકશે નહિ. ચૂંટણીમાં ઉમેદવારો અથવા તેના પ્રતિનિધિ ચૂંટણી પ્રચાર દરમિયાન ધર્મ કે જાતિ વિગેરેના નામે મત માંગી શકે નહિ. જેની તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોએ નોંધ લેવાની રહેશે તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# ઉના ગ્રામ્ય વિસ્તારમાં મજૂરી કામ માટે આવતો દીપેન રસ્તામાં ગુમ : રાજકોટમાંથી તેમનો મોબાઈલ મળ્યો




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૩૦

ઉના ગ્રામ્ય વિસ્તારમાં મજુરી કામ માટે આવી રહેલ પશ્ચિમ બંગાળના દીપેન મલાડ રાજકોટ રેલવે સ્ટેશનમાં આવ્યા બાદ ગુમ થયો છે. દીપેનનો મોબાઈલ રાજકોટમાં માલધારી ફાટક પાસે અન્ય કોઈ વ્યકિતને મળતા મળી આવ્યો છે. જે પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ છે. પશ્ચિમબંગાળનાં બાકુંડા જિલ્લાનાં બગડોબા ગામનાં વતની દીપેન મલારી નામનો યુવાન ઉના તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મજૂરી કામ માટે આવતો હોય જેમની સાથે બીજા ૩૪ જેટલા શ્રમિકો પણ સાથે હોય ગત તારીખ ૨૩ એપ્રિલનાં સાંજે ૬:૩૦ વાગ્યાની આજુબાજુ રાજકોટ રેલ્વે સ્ટેશનથી આ બધા શ્રમિકો બહાર નીકળીને બેસેલા એ દરમ્યાન આ દિપેન નામનો શ્રમિક યુવાન ત્યાંથી કોઈને કહ્યા વગર નીકળી ગયો હોય તેમની શોધખોળ કરતા મળી આવેલ નહિ જયારે દીપેન પેહલી વખત ગુજરાત આવતો હોય તેથી તેમને બંગાળી ભાષા સીવાય અન્ય કોઈ ભાષા આવડતી પણ નથી. બીજી તરફ આ ગુમ થયેલ યુવાનનો ફોન રાજકોટનાં માલધારી ફાટકની બાજુમાં કોઈને મળતા એ ફોન રાજકોટ પોલીસ સ્ટેશનમાં જમાં કરાવેલ છે તેમની સાથેનાં અન્ય શ્રમિકો ઉના પંથકમાં આવી પોહચ્યા હોય આ અંગે તેમણે ખત્રીવાડા ગામના સરપંચ જીતેન્દ્રભાઈ શીયાળને વાત કરતા તેમને રાજકોટ પોલીસનો સંપર્ક કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# શ્રી સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ - જૂનાગઢ દ્વારા કાળવા ચોક ખાતે વિનામૂલ્ય છાસ કેન્દ્ર શરૂ કરાયું



જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા કાળવા ચોક ખાતે વિનામૂલ્યે છાસ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઉદઘાટન પ્રસંગમાં દાતા વિરમભાઈ ભાટુ પરિવાર તેમજ ખોડભાયા પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ ઉનાળાની કાળજાળ ગરમીમાં જરૂરિયાત મંદ લોકોને રાહત આપવા માટે દર આ વર્ષે પણ ભાટુ પરિવાર અને ખોડભાયા પરિવાર દ્વારા સત્યમ સેવા યુવક મંડળના માધ્યમથી ઉકળતી ગરમીમાં જરૂરિયાત મંદ લોકોના કાળજા ઠારવા માટે શહેરીજનો - રાહદારીઓ માટે હંમેશા સત્યમ સેવા યુવક મંડળની સેવા રહી છે. સત્યમ સિવાય યુવક મંડળના કાયમી દાતા દામજીભાઈ પરમાર દ્વારા આ છાશ કેન્દ્રને ખુલ્લું મૂકવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં પુષ્પાબેન પરમાર, દયાબેન માણેક, બટુકબાપુ, કમલેશભાઈ પંડ્યા, અરવિંદભાઈ મારડિયા, શાંતાબેન બેસ,અલ્પેશભાઈ પરમાર, સરોજબેન જોષી, ચંપકભાઈ જેઠવા, પ્રવીણભાઈ જોશી, ભરતભાઈ જાની વગેરે આ ઉદઘાટન કાર્યક્રમમાં મહાનુભાઓ એ હાજરી આપી હતી.

સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું કે હર હંમેશ અમારી સંસ્થાને ખોબલે ને ખોબલે દાતાઓનો સહકાર આવા સેવાકીય કાર્યોમાં મળતો રહ્યો છે અને મળતો રહેશે એમ જણાવવામાં આવ્યું હતું. એટલું જ નહીં અમારા ટ્રસ્ટીઓ અને સત્યમ સેવા યુવક મંડળના સર્વે સેવાભાવી કાર્યકરોનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને આ રાષ્ટ્રીય મહાપર્વ લોકસભા મતદાન જાગૃતિ અભિયાનની પણ લોકોમાં વધુમાં વધુ મતદાન થાય એવું છાસ કેન્દ્રમાં આવતા લોકોને આહવાન અને અપિલ કરતા સાઈનબોર્ડ લગાવવામાં આવ્યા હતા.

સંસ્થા દ્વારા દાતાઓનો અને સત્યમ સેવા યુવક મંડળના ટ્રસ્ટીઓ અને સેવા ભાવિ કાર્યકરોનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો એટલું જ નહીં કોઈ પણ કાર્ય હોય, અમારી સંસ્થાના સેવાકીય કાર્યો બાબતમાં ખમીરવંતા જુનાગઢ મા હંમેશા દાતાઓનો ખૂબ જ સહકાર મળે છે અમે આ સેવાકીય કાર્યો કરી રહ્યા છીએ એનો પુરો શ્રેય આ દાતાઓને આભારી છે તેમ પણ પ્રમુખ શ્રી મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું. અમારા કાયમી દાતા ભાટુ પરિવાર તેમ જ ખોળભાયા પરિવારનો પણ આ તકે હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ મતદાન જાગૃતિ અભિયાન નિમિત્તે અંધ કન્યા છાત્રાલયની અંધ દીકરીઓએ સમાજને આ રાષ્ટ્રીય મહાપર્વ મા મતદાન જાગૃતિ લાવી વધુમાં વધુ સહભાગી થવા દિવ્યાંગ દીકરીઓએ પણ જણાવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મનોજભાઈ સાવલિયા, કમલેશભાઈ ટાંક વગેરે સેવાભાવી કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ મહાનગર પાલિકા વિસ્તારમાં શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૭-મેના રોજ સવેતન રજા જાહેર

જૂનાગઢ, તા.૩૦

મહાનગર- પાલિકા જૂનાગઢના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના ધંધા, રોજગાર, ઔદ્યોગીક એકમો કે અન્ય કોઈ પણ સંસ્થામાં નોકરી કરતા હોય તેઓને સવેતન રજા મળી રહે તે પ્રકારની વ્યવસ્થા લોકસભા મતક્ષેત્રમાં અને પાંચ વિધાનસભા મતક્ષેત્રોમાં પેટા ચૂંટણીનું મતદાન તા.૭/૫/૨૦૨૪ મંગળવારના રોજ યોજાનાર છે. મતદાના દિવસે જાહેર રજા કે રવિવારનો દિવસ ન હોય, મતદાર પોતાના મતાધિકારીનો ઉપયોગ કરી શકે તે માટે મતદાનના દિવસે મતાધિકાર ધરાવતી કોઈ પણ વ્યકિત ધંધા, રોજગાર, ઔદ્યોગીક એકમો કે અન્ય કોઈ પણ સંસ્થામાં નોકરી કરતા હોય તો તેમને મતદાનના દિવસે સવેતન રજા આપવાની જોગવાઈ ધ્યાને લઈ સરકારશ્રી ધ્વારા પરીપત્ર, સૂચના પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

મતદાનના દિવસે જૂનાગઢ શહેરના શ્રમયોગીઓને સવેતન રજા કારખાના ધારા ૧૯૪૮ હેઠળના (ઔદ્યોગિક એકમો) કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ–૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થાર, સાઈટ ઉપર કામ કરતા શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા મળશે.તેમજ લોક પ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ની કલમ ૧૩૫ (બી) (૧) અન્વયે કારખાના ધારા–૧૯૪૮ હેઠળ આ જોગવાઈ કરવામાં આવી છે. જે અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ/ કર્મચારીઓના પગારમાંથી કોઈપણ કપાત કરવાની રહેશે નહીં. રજાના કારણે જો શ્રમયોગી, કર્મચારી પગાર મેળવવાનો હક ન ધરાવતો હોય તેવા સંજોગોમાં જે તે વ્યક્તિ રજા જાહેર ન થઈ હોય અને જે પગાર મળવાપાત્ર હોય તેટલો પગાર ચૂકવવાનો રહેશે.

જે મતદારની ગેરહાજરીથી જોખમ ઊભું થવા સંભવ હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં વ્યાપક નુકસાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં સતત પ્રક્રિયા વાળા કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ/ કર્મચારીઓ તેમનો મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમિયાન ત્રણથી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે.જો કોઈ કારખાનેદાર, માલિક, નોકરીદાતા ઉપરોક્ત જોગવાઈથી વિરુદ્ધનું વર્તન કરશે તો આ કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.તેમજ ફરિયાદ કન્ટ્રોલ રૂમ ટેલીફોન નં.૨૬૫૪૭૩૦માં સંપર્ક કરી શહેરીજનો ફરિયાદ નોંધાવી શકશે.જૂનાગઢ શહેરી વિસ્તાર માટે નોડલ અધિકારીશ્રી કલ્પેશ.જી.ટોલીયાની નિમણુંક કરવામાં આવેલ છે.

# ભાવનગરની એવી સંસ્થા જે દાતાઓનું ઋણ કયારેય ભુલતી નથી, દરેક દાતાઓના હસ્તે વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ ઉપર વૃક્ષારોપણ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩૦

ભાવનગર શહેરને હરીયાળુ બનાવવા કટીબધ્ધ એવી શેઠ બ્રધર્સના દેવેનભાઈની સંસ્થા ‘ગ્રીનસીટી’ એ હાલમાં જ દરેક દાતાશ્રીઓ આશરે ૨૫૦ દાતાઓના હસ્તે વૃક્ષારોપણ કરાવી દાતાઓ પ્રત્યેનું સંસ્થાનું ઋણ અદા કર્યુ હતું. આ વૃક્ષારોપણ ભાવનગરના વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર કરવામાં આવ્યું હતું. ભાવનગર શહેર હાલ હરીયાળીમાં ગાંધીનગર પછી બીજા ક્રમે છે. ગ્રીનસીટી સંસ્થા અને દેવેનભાઈ શેઠ ના એવા પ્રયત્ન છે કે આગામી પાંચ વર્ષમાં ભાવનગરને ગુજરાતનું નં. ૧ હરીયાળુ શહેર બનાવી દેવું. ગ્રીનસીટી સંસ્થામાં દેવેનભાઈ શેઠની સાથે પિયુષભાઈ વ્યાસ, ચિંતનભાઈ વ્યાસ, તારકભાઈ શાહ, અચ્યુતભાઈ મહેતા, કિલોનભાઈ મહેતા તથા ગોવિંદા ઠક્કર પણ એટલી જ જહેમત ઉઠાવી રહ્યા છે. ગ્રીનસીટી એ આજ સુધીમાં શહેરમાં ૪૭૦૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરી દરેક વૃક્ષોને મોટા કર્યા છે. દેવેનભાઈ એ જણાવ્યું હતું કે અમો આ આંકડો આગામી ૫ વર્ષમાં ૧ લાખ વૃક્ષો સુધી પહોંચાડી દઈશું.

હાલમાં જ રાષ્ટ્રપતિના હસ્તે પદ્મશ્રી એવોર્ડ પ્રાપ્ત કરનાર હાસ્ય કલાકાર એવા ડૉ. શ્રી જગદીશભાઈ વિંદી એ વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર વૃક્ષારોપણ કરી દેવેનભાઈ શેઠ ને આશીર્વાદ પાઠવ્યા હતા કે તમારી પર્યાવરણ ક્ષેત્રે અદ્ભૂત, પ્રશંસનીય કામગીરીના કારણે તમે પણ ટુંક સમયમાં પદ્મશ્રી એવોર્ડના હકકદાર બનશો.

# અપોલો હોસ્પિટલે અમદાવાદમાં ગુજરાતનું પ્રથમ જીનોમિક્સ ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરવાની જાહેરાત કરી

**અમદાવાદમાં અપોલો જીનોમિક્સ ઈન્સ્ટિટ્યૂટની શરૂઆત સાથે અપોલો દર્દીઓની સંભાળ માટે જીનોમિક્સ ટેકનોલોજી અને સંશોધનમાં રોકાણ કરવાનું ચાલું રાખ્યું છે**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અપોલો વિશ્વની સૌથી મોટી વર્ટિકલી ઈન્ટીગ્રેડ હેલ્થકેર સંસ્થા છે. ત્યારે આજે ગુજરાતનું પ્રથમ, અમદાવાદમાં અપોલો જીનોમિક્સ ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરીને સ્વાસ્થ્ય સેવાના વિસ્તરણની જાહેરાત કરી છે. જીનોમિક્સમાં રોકાણ વધારવા સાથે અપોલો જિનોમિક્સ ઈન્સ્ટિટ્યૂટની શરૂઆત અગાઉ મુંબઈ, દિલ્હી, હૈદ્રાબાદ અને કોલકતામાં કરવામાં આવી હતી.

છેલ્લાં કેટલાક વર્ષોમાં ભારતે ચેપી રોગો સામે લડવામાં ઘણી પ્રગતિ કરી છે. જોકે ભૂતકાળમાં આનુવંશિક વિકૃતિઓની વધારે પડતી અવગણના કરવામાં આવતી હતી. જીનોમિક્સ સાથે આ રોગના લક્ષણો સ્પષ્ટ રીતે ઓળખી શકાય છે. અને શરૂઆતમાં જ નિદાન અને યોગ્ય સારસંભાળથી તેનું નિરાકરણ પણ લાવી શકાય છે. અપોલો જીનોમિક્સ ઈન્સ્ટિટ્યૂટનો ઉદ્દેશ જીનોમિક સેવાઓ લાવીને તબીબ પ્રેક્ટિસમાં પરિવર્તન કરીને દરેક ક્લિનિક અને દર્દીને પહોંચાડવાનો છે. અપોલો જીનોમિક્સ ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદમાં જીનેટિક્સ ઈવેલ્યુશન, ક્લિનિકલ ડાયગ્નોસ્ટિક્સ, ઓબ્સ્ટેટ્રિક જેનેટિક્સ, કેન્સર જીનોમિક્સ, પ્રિનેટલ જેનેટિક્સસ્ક્રિનિંગ સહિતની જીનોમિક્સ સેવાઓ ઉપલબ્ધ છે. જેનાથી દર્દીઓને આનુવંશિક વિકૃતિઓના સંચાલન અને અટકાવવા માટે યોગ્ય માહિતી મળી રહેશે. અપોલો હોસ્પિટલના વાઈસ ચેરપર્સન ડો.પ્રીથા રેડ્ડીએ ઉત્સાહ સાથે જણાવ્યું હતું કે,“આજનો દિવસ અગ્રેસર સ્વાસ્થ્ય સુવિધાઓ તરફ અમારી સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિન્હરૂપ છે. અપોલો હોસ્પિટલ અમદાવાદ ખાતે જીનોમિક ઈન્સ્ટિટ્યૂટના ઉદ્ઘાટન સાથે અમે તબીબી વિજ્ઞાનમાં પરિવર્તનના માર્ગ પર આગળ વધી રહ્યાં છે. આ ક્રાંતિકારી પહેલ જીનોમિક્સની શક્તિઓનો ઉપયોગ કરીને દર્દીની સંભાળ રાખવામાં અમારી અતૂટ પ્રતિબદ્ધતાને દર્શાવે છે. અમને આશા છે કે આ પ્રયાસ અમને નવીનતાની નવી સીમાઓ તરફ લઈ જશે અને હેલ્થકેરના ભાવિને ફરીથી નિર્ધારિત કરશે.’’ અપોલો હોસ્પિટલ્સ ગ્રૂપના હોસ્પિટલ ડિવિઝનના પ્રેસિડેન્ટ અને સીઈઓ ડો.મધુ સસિધરે જણાવ્યું હતું કે,“અપોલોમાં અમે માનીએ છીએ કે દર્દીઓએ તેમની સ્વાસ્થ્યલક્ષી બાબતો અંગે નિર્ણય લેવા માટે આગળ આવવાની જરૂર છે. દર્દી આધારિત એનાલિટિક્સ સાથે વાસ્તિવક વિશ્વના ડેટા સ્ત્રોતમાં સતત વધારો થયો છે. જેનાથી નિદાન, સારવાર સહિતની બાબતોની ઊંડાણપૂર્વકની માહિતી પ્રાપ્ત થાય છે. જીનોમિક્સ આવું જ



એક ક્ષેત્ર છે. વધતા NDC પાછળ, દર્દીઓના ડેટા મળી રહેવાથી પ્રેક્ટિશનરોને દર્દીની સારવારમાં વધુ સારી રીતે સમજાવવામાં મદદ મળી છે. આ આનુવંશિક આંતરદ્રષ્ટિનો લાભ લઈને દવાઓમાં વ્યક્તિગતકરણને પણ સક્ષમ કરે છે. જે રોગોના નિવારણ, નિદાન અને સારવારને લગતા નિર્ણયોમાં અત્યંત અસરકાર છે. અપોલો જીનોમિક્સ ઈન્સ્ટિટ્યૂટનો ઉદ્દેશ રોગને અટકાવવા અને વ્યક્તિગત દવા પર ધ્યાન કેન્દ્રિત કરી સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાનો છે. ’’ અપોલો હોસ્પિટલ્સના ગ્રૂપ મેડિકલ ડાયરેક્ટર ડો.અનુપમ સિબ્બલે જણાવ્યું હતું કે,“વિવિધ રોગો અને પરિસ્થિતિને સમજવામાં જીનેટિક્સ મહત્વની ભૂમિકા ભજવે છે. અને અપોલો જીનોમિક્સ ઈન્સ્ટિટયૂટની સ્થાપના સાથે અમે અમારા દર્દીઓને જીનેટિક ટેસ્ટિંગ, કાઉન્સેલિંગ, વ્યક્તિગત સારવાર જેવા વિકલ્પો પ્રદાન કરીએ છીએ. અપોલો જીનોમિક્સ ઈન્સ્ટિટયૂટના અત્યંત કુશળ જેનેટિક્સ નિષ્ણાતો, તબીબો અને સંશોધકોની ટીમ ભારતમાં જીનેટિક્સના ક્ષેત્રને આગળ વધારવા માટે સમર્પિત છે.’’ અપોલો હોસ્પિટલના કન્સલ્ટન્ટ મેડિકલ જેનેટીસીસ્ટ ડો.અંબિકા ગુપ્તાએ જણાવ્યું હતું કે,“ભારત વૈવિધ્યસભર દેશ છે. તેથી જીનોમિક દવામાં પરિવર્તનની સંભાવના હોઈ શકે છે. બાળ મૃત્યુદરમાં ઘટાડો આનુવંશિક વિકૃતિઓના રોગોના એક મહત્વપૂર્ણ જૂથ તરીકે ઉભરી આવ્યું છે. સ્વાસ્થ્યને લઈને લોકો વધારે જાગૃત થયા છે. આનુવંશિક અને બિન ચેપી રોગ (NCDs) જેવા કે કેન્સર અને કાર્ડિયોવેસ્ક્યુલર ડિસઓર્ડર જેવા રોગોના નિવારણ અને નિદાન માટે જીનોમિક ટેસ્ટ અંગે જાગૃતિ વધી છે. જિનોમિક્સ ક્લિનિકનો વિસ્તાર આવી વિકૃતિઓના નિવારણ અને સંચાલન માટે મહત્વનું પગલું છે. જે ભારત અને સમગ્ર વિશ્વમાં આરોગ્ય માટે નોંધપાત્ર પડકાર બની રહ્યું છે.’’

# રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ઉનાળુ વેકેશન જાહેર

## આગામી ૯ મે થી ૧૨ જૂન સુધી શાળાઓમાં ઉનાળુ વેકેશન

ગાંધીનગર, તા.૩૦

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ઉનાળુ વેકેશનની નવી તારીખો જાહેર કરવામાં આવી છે જોકે અગાઉ જાહેર કરેલી ઉનાળુ વેકેશન ની તારીખોમાં અનેક સંગતતાઓ જોવા મળી હતી જેના કારણે શિક્ષણ સંઘ સહિત અનેક મંડળોએ વિભાગની રજૂઆત કરી નવી તારીખો જાહેર કરવા અપીલ કરી હતી જેના અનુસંધાનમાં રાજ્યના શિક્ષણ વિભાગે અત્યારે હાલ આગામી ૯ મેથી ૧૨ જૂન સુધી શાળાઓમાં ઉનાળુ વેકેશન જાહેર કર્યું છે. શિક્ષણ વિભાગ દ્વારા ૩૫ દિવસનું વેકેશન જાહેર કર્યું છે જોકે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વ અગાઉ ૬ મે થી ૯ જૂન સુધી ઉનાળુ વેકેશન નક્કી કર્યું હતું શૈક્ષણિક સંઘ અને શિક્ષણ સાથે જોડાયેલી અનેક સંસ્થાઓની રજૂઆત બાદ આખરે શિક્ષણ વિભાગે ઉનાળુ વેકેશન માટે નવી તારીખો જાહેર કરી છે.

# ઉના ખાતે આવેલ મહેતા સાર્વજનિક હોસ્પીટલના ડોકટર દ્વારા સફળ ઓપરેશન કરી મહીલાના પેટમાંથી ગાંઠ કાઢી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૩૦

ઉના ખાતે આવેલ મહેતા સાર્વજનિક હોસ્પિટલના ડોક્ટર પંખીલ પટેલ અને ડોક્ટર મયંકભાઈ લુણાગરિયા દ્વારા એક ૫૦ વર્ષે મહિલાના પેટમાંથી રહેલી સાત કિલોની ગાંઠોનું સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવેલું જેના સંદર્ભે આ મહિલા છેલ્લા સાત વર્ષથી અંડાશયમાં આવેલી બે અલગ અલગ ગાંઠોની તકલીફથી ખૂબ જ પરેશાન હતા અને તેમણે અમદાવાદ,રાજકોટ જેવા મોટા સિટી અને દવાખાનામાં પણ બતાવી ચૂક્યા હતા. જે એમની સર્જરી શક્ય નથી એવું અભિપ્રાય આવતો હતો આ ગાંઠોને કારણે તેઓ બરોબર જમીને શકતા એમની દૈનિક પ્રક્રિયાઓ પણ નિયમિતના થઈ શકતી અને ખૂબ જ તકલીફમાં હતા પરંતુ ઉનાના મેતા સાર્વજનિક હોસ્પિટલના જનરલ સર્જન ડોક્ટર પણ પટેલ અને ડોક્ટર મયંકભાઈ લુણાગરિયા જેવો એમએસ ગાઈનોકોલોજિસ્ટ છે.



ટીમ સાથે આ ઓપરેશન ખૂબ સખત સફળતાપૂર્વક પાર પાડ્યું હતું જેમાં હોસ્પિટલના ડોક્ટર જય કાનાબાર અને તેની સ્ટાફ સાથે ઓપરેશનને ખૂબ જ કુશળતાથી કરવામાં આવ્યું હતું. ડોક્ટરના કહેવા અનુસાર આ પ્રકારનું ઓપરેશન એ લોકો આ ડોક્ટરોની બંને ડોક્ટરોની કારકિર્દીમાં પ્રથમ કિસ્સો છે જે ચેલેન્જ હતો અને તેણે એને સફળતાપૂર્વક બહાર પાડ્યો છે. હાલ પેશન્ટ સંપૂર્ણ સ્વસ્થ છે અને તેમને રજા પણ આપેલ છે.

# ઉના : ૭ મોબાઈલ અને પાકીટ શોધી મુળ માલીકને આપ્યા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૩૦

ઉના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી કિંમતી મોબાઈલ ફોન પડીજવા, ખોવાઈ જવા કે ગુમ થઈ ગયાની લેખીતમાં ઘણી અરજીઓ આવી હતી જે અરજી ઉપર ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન.રાણાની સૂચનાથી મહિલા પીએસઆઈ આર.એચ. સુવા, એએસઆઈ જગદીશભાઈ એલ.વાઘેલા, પો.કો. સુભાષભાઈ કેશવભાઈ બાંભણિયા, ના.પો. અધ્યક્ષની કચેરીમાં ફરજ બજાવતા પો.કો. દર્શિતભાઈ ભાણાભાઈ પરમારે સયુંકત કામગીરી કરી આધુનિક ટેકનોલોજીથી રૂપિયા ૧, લાખ ૧૯૨૮૭ ની કિંમતના કુલ ૭ મોબાઈલ અને એક વ્યક્તિના કિંમતી ડોક્યુમેન્ટ ભરેલ પાકીટ શોધી મૂળ માલિકોને પરત કરી સુંદર કામગીરી કરી હતી અને લોકોએ પોલીસનો આભાર માનેલ હતો.





મતદાનનાં દિવસે કોણ પહેલો મત આપી આવે છે ? તેની આપણે હરીફાઈ કરશું.



ચુંટણીમાં મતદાન કરવું એ પણ દેશભકિત વ્યકત કરવાનો એક ભાગ છે .

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# પક્ષપલટા વિરોધી કાયદો કેમ નિષ્ફળ રહ્યો?

લોકસભા ચૂંટણીઓની જાહેરાત પહેલાં જ શરૂ થયેલો પક્ષપલટાનો સિલસિલો હજુ પણ ચાલી રહ્યો છે. તેનાથી અનેક જગ્યાએ મતદારો ભ્રમિત થશે કે ચહેરો કોનો છે અને ચૂંટણી ચિહ્ન કયું છે? પક્ષપલટો માત્ર ચૂંટણીના સમયે જ નહીં, પરંતુ ચૂંટણી બાદ પણ થાય છે. વિધાયી સંસ્થાઓને તેનાથી બચાવવા માટે પક્ષપલટા વિરોધી કાયદો લાવવામાં આવ્યો, પરંતુ તેનાથી પણ પરિણામ ન મળ્યું. આખરે પક્ષપલટા વિરોધી કાયદો કેમ નિષ્ફળ રહ્યો? પહેલાં તો આ કાયદો મૂળથી જ અસંગત છે. યુરોપ, અમેરિકા કે અન્ય કોઈ પ્રતિષ્ઠિત લોકતંત્રમાં એવો કાયદો નથી. ન્યૂઝીલેન્ડમાં બન્યો હતો, પરંતુ ત્યાં પણ તેને જલ્દી હટાવી દેવામાં આવ્યો. પછી પોલેન્ડ, ચેક, એસ્ટોનિયા, લિથુઆનિયા અને લાત્વિયાના અધ્યયનથી જોવા મળ્યું કે સાંસદોને પક્ષપલટાનો અધિકાર હોવાથી વાસ્તવમાં ત્યાં પક્ષીય વ્યવસ્થા બહેતર અને સ્થિર થઈ છે. દક્ષિણ આફ્રિકાનો અનુભવ એવો જ છે. બધી જગ્યાએ જોવા મળ્યું કે સાંસદોની સ્વતંત્રતા રહેવાથી પક્ષોમાં પોતાની નીતિઓ-ગતિવિધિઓને સુવિચારિત રાખવાની પ્રવૃત્તિ રહે છે.

જે કોઈ દેશોમાં પક્ષપલટા વિરોધી કાયદા છે, ત્યાં કોઈ ખાસ ઉપલબ્ધિ નથી હાંસલ થઈ. ભારતનો જ અનુભવ છે કે તેનાથી માત્ર સત્તાધારી પક્ષના મેનેજરોની તાકાત વધે છે. તેઓ સાંસદો, ધારાસભ્યો પર પૂર્ણ નિયંત્રણ રાખે છે, જેનાથી પક્ષોની મહત્તા જનપ્રતિનિધિઓથી પણ ઉપર થઈ જાય છે. સત્તાધારી પક્ષોના શીર્ષ પર વિરાજમાન કેટલાક ચુનંદા લોકો જનપ્રતિનિધિઓ પર પોતાની ઈચ્છા થોપીને મનમાફક ફેંસલા કરે છે. પક્ષપલટા વિરોધી કાયદો બંધારણની ભાવનાથી પણ વિરુદ્ધ છે. મૂળ તો એટલે જ યુરોપીય દેશોમાં સાંસદોને વૈચારિક કે કાર્યગત સ્વતંત્રતા છે. એમના પર પક્ષીય અંકુશ નથી, કારણ કે સંસદ સર્વોચ્ચ કાયદા નિર્માણ કરતી સંસ્થા છે. જો તેના સદસ્યના હાથ-મોં બંધાયેલા હોય, ત્યારે સંસદમાં તેઓ રાજકીય પક્ષના પ્રબંધકોની કૃપાના મોહતાજ રહેશે. એ પણ કોઈથી છૂપું નથી કે પક્ષીય સૂત્રધારોની તિકડમોથી જ અનેક સાંસદ અને ધારાસભ્યો એક યા બીજી પાર્ટીમાં આવે-જાય છે. મોટાભાગે તેમાં ખરીદ-વેચાણના આરોપ લાગે છે.ધારાસભ્યોને બસોમાં ભરીને બંદીની જેમ લઈ જવાનાં દશ્યો હવે સામાન્ય થઈ ગયાં છે. પક્ષપલટા વિરોધી કાયદો નિષ્ફળ જ નહીં, બલ્કે એનાથી નેતાઓનું ચરિત્ર પતનની પ્રવૃત્તિ જ વધી છે. સાંસદો, ધારાસભ્યોની પક્ષીય સ્વતંત્રતા રહેતાં સંયમ, મર્યાદા અને નૈતિકતાનું મહત્ત્વ વધારે હોત. યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જાપાન વગેરેનો એ જ અનુભવ છે. આખરે ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, જાપાન જેવા લોકતાંત્રિક દેશોમાં એવો કાયદો નહિ હોવાથી ત્યાં કોઈ ભાગદોડ નથી મચતી. અમેરિકી સંસદમાં સત્તાધારી પક્ષની સદસ્ય સંખ્યા વિપક્ષથી બે-ત્રણ ઓછી હોય તો પણ પક્ષપલટો કરાવીને સત્તારૂઢની સ્થિતિ ફેરવી નાખવાની ઘટનાઓ નથી બનતી.

પક્ષપલટા વિરોધી કાયદો સિદ્ધાંતહીન પણ છે. આખરે જ્યારે કોઈ પક્ષના બે તૃતિયાંશ સાંસદ/ધારાસભ્યોનું બીજી પાર્ટીમાં જવું યોગ્ય છે, તો બે-ચાર સાંસદ/ધારાસભ્યોનું જવું અયોગ્ય કેવી રીતે? એટલે જ જથ્થાબંધ પક્ષપલટા બાદ 'અસલી' પાર્ટી અને ચૂંટણી ચિહ્નના દાવા પર ન્યાયાલયોના ચુકાદાઓમાં પણ વિસંગતિ રહે છે. ક્યારેક તેઓ ધારાસભ્યની સંખ્યાને આધાર ગણાવે છે તો ક્યારેક સંગઠનની વાત કરે છે. જ્યારે પાર્ટીના ધારાસભ્યો કે સાંસદોમાં ફાડિયાં મામલે અસલી-નકલીની વાત જ નકામી છે. બંધારણ અનુસાર સંખ્યાનો મુદ્દો વિધાયી સદનનો છે. સરકાર બનાવવા, કોઈ કાયદો કે પ્રસ્તાવ પાસ કરવામાં સદનમાં મત સંખ્યાનું સ્થાન છે. કોઈ રાજકીય પક્ષની કાયદેસરતા તેના સાંસદ/ધારાસભ્યની સંખ્યાથી નક્કી કરવી અસંગત છે. તેથી ન્યાયલય અને ચૂંટણી પંચના નિર્ણય અંતર્વિરોધી થતા રહે છે. આ સ્થિતિ પુનર્વિચારની માંગ કરે છે. પક્ષપલટાને કાયદા દ્વારા રોકવું અસંભવ જેવું છે. કાયદો બનાવીને ક્યારેય પણ ચરિત્ર કે નૈતિકતા સુનિશ્ચિત ન કરી શકાય. જ્યારે નૈતિકતા અને ચરિત્ર હોય, ત્યારે જ સારો કાયદો બને છે. આ કોરી કલ્પના છે કે કઠોર કાયદા બનાવવાથી પક્ષપલટો અટકશે, કારણ કે ખુદ કાયદો બનાવનારા જ પક્ષપલટો કરે-કરાવે છે. રોગનું મૂળ ક્યાંક બીજે છે. રાજકીય પક્ષ કોઈ રાજકીય સંસ્થા નથી. તે અન્ય સામાજિક વેપારી સંસ્થાઓની જેમ સ્વૈચ્છિક સંસ્થા છે. તેની સાથે રાજ્ય અને બંધારણને કોઈ લેવાદેવા નથી. તેથી પક્ષોને વિશેષ મહત્ત્વ ન આપીને અન્ય સંસ્થાઓની જેમ સામાન્ય અને જવાબદાર બનાવવામાં આવે. ગરબડ એ થઈ કે સમય સાથે આપણા રાજકીય પક્ષો અયોગ્ય મહત્ત્વ મેળવીને રાજકીય ઉપકરણ બની ગયા છે, જ્યારે બંધારણે રાજકીય પક્ષોની નોંધ સુદ્ધાં નહોતી લીધી. જેમ કોઈ એક કંપની છોડીને બીજી કંપનીમાં કામ કરવા માટે સ્વતંત્ર છે, એ જ સ્થિતિ પક્ષો અને તેમના સદસ્યોની પણ હોવી જોઈએ.

આખરે સામાન્ય મતદાતા પણ સમયે સમયે પોતાનો વોટ એક પાર્ટીને બદલે બીજી પાર્ટીને આપે જ છે. એ જ અધિકાર કોઈ સાંસદ, ધારાસભ્યને પણ છે. બંધારણે એના પર કોઈ પ્રતિબંધ નથી મૂક્યો. કાયદો બનાવીને તેને રોકવાથી માત્ર સત્તાધારી પક્ષના મેનેજરોને જ તાકાત મળી, જેઓ પોતાના ધારાસભ્યો-સાંસદો પર લગામ લગાવી રાખે છે અને બીજા પક્ષોના ધારાસભ્ય-સાંસદ તોડે છે. એવામાં આ કાયદો ન માત્ર નિષ્ફળ અને અદૃશ્ય પાર્ટી મેનેજરોને અયોગ્ય તાકાત આપે છે, બલ્કે ધારાસભ્ય, સાંસદના સ્વતંત્ર વિચાર અને કાર્ય-અધિકારને પણ બાધિત કરે છે. તેથી કોઈ જૂના પરિપક્વ લોકતંત્રમાં એવો કોઈ કાયદો નથી, કારણ કે આ જ માનવીય સ્વતંત્રતા-ગરિમાને અનુકૂળ છે.

આપણી સંસદ, ચૂંટણી પંચ તથા સુપ્રીમ કોર્ટને લોકતંત્રોના આદર્શ વ્યવહારોનું આકલન કરીને દેશમાં પણ રાજીય પક્ષોના વિશેષાધિકાર ખત્મ કરવા જોઈએ. પક્ષ અને રાજ્યની ઘાલમેલ બંધ થવી જોઈએ. પક્ષોને પણ અન્ય સામાજિક સંસ્થાઓની જેમ પોતાના આવ-ખર્ચ માટે સમાન રૂપથી સાર્વજનિક સ્તર પર જવાબદાર બનાવવા જોઈએ. ત્યારે જ પક્ષોની અને શંકાસ્પદ, લોભી અને અયોગ્ય લોકોનું આકર્ષણ ઘટશે. જ્યારે રાજકીય પક્ષ અન્ય સામાજિક સંસ્થાઓની જેમ જવાબદાર બનાવવામાં આવશે, ત્યારે જ તેમના અયોગ્ય તત્ત્વો દ્વારા રાજ્ય-તંત્રનું દોહન કરવાની આશંકા ઘટશે. ત્યારે સ્વતઃ અનેક બુરાઈઓ ખતમ થઈ જશે, જે અત્યારે પક્ષોને જાતજાતના કાયદાથી છૂટ તથા અન્ય કેટલાય વિશેષાધિકાર મળી જવાથી ઊભી થયેલી છે.

### ૯ મેથી ૧૨ જુન સુધી ઉનાળું વેકેશન રહેશે

# ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં વેકેશનની તારીખ જાહેર કરાઈ

## તા.૧૩/૦૬/૨૦૨૪ થી રાબેતા મુજબ શાળાઓ શરૂ થશે

ગાંધીનગર, તા.૩૦
રાજયની પ્રાથમિક શાળાઓમાં વેકેશનની તારીખ જાહેર થઈ છે. જે મુજબ ૯ મેથી ૧૨ જુન રહેશે ઉનાળું વેકેશન રહેશે. આ વેકેશન ૩૫ દિવસનું રહેશે. ૧૩ જુનથી પ્રાથમિક શાળાઓ શરૂ થશે. નાયબ શિક્ષણ નિયામકે વેકેશનને લઈ પરિપત્ર જાહેર કર્યો છે. રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં દર વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં દર્શાવેલ તારીખ મુજબનુ ઉનાળુ અને દિવાળી વેકેશન રાખવામાં આવે છે. જે મુજબ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓ, સરકારી અને ગ્રાન્ટેડ અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો, સ્વનિર્ભર પીટીસી કોલેજોમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં નીચે જણાવેલ તારીખે ઉનાળુ વેકેશન નિયત કરવામાં આવેલ છે. ઉનાળુ વેકેશનનો સમયગાળો તા. ૦૯/૦૫/૨૦૨૪ થી તા. ૧૨/૦૬/૨૦૨૪ સુધી (૩૫ દિવસ) સુધી રહેશે. તા. ૧૩/૦૬/૨૦૨૪ થી રાબેતા મુજબ શાળાઓ શરૂ થશે.

લોકસભા ચૂંટણી પ્રક્રિયામાં યુનિ.ના અધ્યાપકો તથા કર્મચારીઓ જોડાયેલા છે અને મોટાભાગના અધ્યાપકો ચૂંટણી તાલીમ તથા વ્યવસ્થાની કામગીરીમાં જોડાયેલા હોવાથી અધ્યાપકોને વેકેશન તથા અન્ય વાર્ષિક મળવાપાત્ર રજાઓનો લાભ ન મળે તેવી પરિસ્થિતિ ઉભી થતા ગુજરાત રાજય અધ્યાપક મહામંડળ દ્વારા શિક્ષણ વિભાગને રજૂઆત કરાઈ હતી. જે અંતર્ગત રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીમાં આગામી તા.૯મી મેના રોજથી ઉનાળું વેકેશનનો પ્રારંભ થશે. ગત શુક્રવારે સરકાર તરફથી ઉનાળુ વેકેશનમાં ફેરફાર અંગે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. જે મુજબ શિક્ષણ વિભાગ દ્વારા તા.૯ મે ૨૦૨૪ થી ૨૩ જૂન ૨૦૨૪ કુલ-૪૬ દિવસ માટે ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. જો કે વિદ્યાનગરની સ.પ.યુનિ.માં સ્નાતક કક્ષા માટે ગત તા.૨૨મી એપ્રિલથી વેકેશનનો પ્રારંભ થયો હોવાથી સ્નાતક કક્ષાના તમામ કર્મચારીઓને તા.૨૯ એપ્રિલથી તા.૮ મે સુધી સંસ્થામાં હાજર રહેવા જણાવાયું છે અને મળેલી રજાઓની ગણતરી બાદ તા.૧૫ જૂનથી સ્નાતક કક્ષા માટે બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. જ્યારે અનુસ્નાતક કક્ષા માટે તા.૯ મે થી તા.૨૩ જૂન સુધી ઉનાળુ વેકેશન રહેશે. નવા શૈક્ષણિક સત્ર માટે એકેડમિક કેલેન્ડર જાહેર કરીને એવી સ્પષ્ટતા કરી છે કે, તમામ યુનિવર્સિટીઓએ ફરજિયાત આ એકેડેમિક કેલેન્ડરનું પાલન કરવાનું રહેશે. નવા શૈક્ષણિક કેલેન્ડર પ્રમાણે પ્રથમ શૈક્ષણિક સત્ર સેમેસ્ટર-૩ અને ૪ ઉપરાંત પીજી સેમેસ્ટર ૩ માટે આગામી ૨૪મી જૂનથી શરૂ થશે અને ૧૪મી ડિસેમ્બરે પૂર્ણ કરાશે.

### વંદેભારત ટ્રેન સાથે બનેલી વિચિત્ર ઘટના સામે આવી

# વંદે ભારત ટ્રેનના દરવાજા સુરત રેલવે સ્ટેશન પર ખૂલ્યા જ નહીં



## તંત્ર દ્વારા એક કલાકની મથામણ બાદ મેન્યુઅલી દરવાજા ખોલીને મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા

સુરત, તા.૩૦
દેશભરમાં ગત વર્ષે દોડતી કરાયેલી વંદેભારત ટ્રેનના વિવાદોનો પાર આવતો નથી. આ ટ્રેનને જાણે કોની નજર લાગી હોય તેમ એક પછી એક ઘટનાઓનો ભોગ બની રહી છે. ત્યારે હવે વંદેભારત ટ્રેન સાથે બનેલી વિચિત્ર ઘટના સામે આવી છે. અમદાવાદથી મુંબઈ જતી વંદે ભારત ટ્રેનના દરવાજા સુરત રેલવે સ્ટેશન પર ખૂલ્યા જ ન હતા. આ કારણે ટ્રેન સુરત રેલ્વે સ્ટેશન પર છેલ્લા ૧ કલાકથી અટવાઈ હતી. આખરે મેન્યુઅલી દરવાજા ખોલ્યા બાદ આગળ જવા રવાના કરાઈ હતી. અમદાવાદથી મુંબઈ જવા નીકળેલી વંદેભારત ટ્રેન આજે સવારે ૮.૨૦ કલાકે સુરત રેલવે સ્ટેશન પર આવી પહોંચી હતી. પરંતું ટેક્નિકલ કારણોસર ટ્રેનના દરવાજા ખૂલ્યા ન હતા. આ કારણે ટ્રેનના મુસાફરો અટવાયા હતા. ન તો કોઈ અંદર જઈ શકતુ હતું, ન તો કોઈ બહાર આવી શકતુ નહતું. આ બાદ રેલવે તંત્ર દોડતું થયું હતું. મેન્યુઅલી ટ્રેનના દરવાજા ખોલવાનો પ્રયાસ કરાયો હતો.

ટ્રેનમાં લાઈટ, એસી બંધ કરવા છતાં પણ દરવાજા ખૂલ્યા ન હતા. મેન્યુઅલી દરવાજા ખોલવા માટે રેલ્વે સ્ટાફ મજબૂર બન્યો હતો. ટ્રેનના સી ૧૪ કોચનો દરવાજો મેન્યુઅલી ખોલવામાં આવ્યો હતો. આમ, વંદે ભારત ટ્રેનમાં સુરત રેલ્વે સ્ટેશન પર ઊતરનારા તમામ મુસાફરોને સી ૧૪ કોચના દરવાજામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેના બાદ ટ્રેનને આગળ મુંબઈ જવા રવાના કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, વંદે ભારત ટ્રેન જ્યારથી પાટા પટથી દોડતી થઈ છે ત્યારથી તેને અકસ્માતોનું ગ્રહણ લાગ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લીલીઝંડી આપ્યા બાદ વંદેભારત ટ્રેનના અકસ્માતો સતત ચર્ચામાં રહ્યાં છે. છેલ્લા કેટલાક સમયથી વંદેભારત ટ્રેનને વારંવાર અકસ્માતો નડી રહ્યાં છે. ઉદઘાટન બાદથી વંદેભારત ટ્રેન પાટા પર દોડાવવી મુશ્કેલ બની છે. આ ટ્રેનને અત્યાર સુધી અસંખ્ય અકસ્માત થયા છે. ટ્રેનને આડે રખડતા ઢોર આવતા ટ્રેનને નુકસાનીનો સામનો પણ કરવો પડ્યો છે. આ કારણે વંદેભારત ટ્રેનનો અકસ્માત સતત ચર્ચામાં રહે છે.

# MDH-એવરેસ્ટના કેટલાક ઉત્પાદનોને લઈ સતત ચિંતા

નવી દિલ્હી, તા. ૩૦
ભારતીય મસાલા ઉત્પાદકો MDH અને એવરેસ્ટના કેટલાક ઉત્પાદનોને લઈને સતત ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. દરમિયાન, સૅલ્મોનેલાના દૂષણ અંગેની ચિંતાઓને કારણે મહાશિયાં દી હટ્ટી (MDH) પ્રાઈવેટ લિમિટેડ દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સમાં નિકાસ કરવામાં આવતા મસાલા સંબંધિત શિપમેન્ટના ઈનકાર દરમાં વધારો થયો છે. છેલ્લા છ મહિનામાં, યુએસ કસ્ટમ અધિકારીઓએ MDHના મસાલાના શિપમેન્ટમાંથી ૩૧% નકારી કાઢ્યા હતા, જે ગયા વર્ષે ૧૫% હતા. સૅલ્મોનેલા દૂષણ પર ઈનકાર દરમાં વધારો એવા સમયે થયો છે જ્યારે સિંગાપોર અને હોંગકોંગ બંનેએ મસાલાના મિશ્રણમાં કથિત કાર્સિનોજેનિક જંતુનાશકો મળી આવ્યા પછી MDH અને એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સ Pte Ltd ની કેટલીક વસ્તુઓનું વેચાણ સ્થગિત કર્યું હતું.

યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એમડીએચ અને એવરેસ્ટ ઉત્પાદનો વિશે માહિતી એકત્ર કરી રહ્યું છે. "એફડીએ અહેવાલોથી વાકેફ છે અને પરિસ્થિતિ વિશે વધારાની માહિતી એકત્રિત કરી રહ્યું છે." હોંગકોંગ અને સિંગાપોરના પગલાંને અનુસરીને, ભારતની બે સૌથી લોકપ્રિય મસાલા બ્રાન્ડ્સ પણ ગુણવત્તાના ધોરણો માટે ભારતીય નિયમનકારની તપાસ હેઠળ છે. મસાલા બોર્ડ, ભારતમાં ઉદ્યોગ નિયમનકાર, મસાલા ઉત્પાદકો MDH અને એવરેસ્ટની ગુણવત્તાના ધોરણોનું પાલન કરવા માટે તેમની સુવિધાઓનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું છે જ્યારે તેમના કેટલાક ઉત્પાદનોમાં કેન્સર પેદા કરતા જંતુનાશકોના અહેવાલો બહાર આવ્યા છે. બોર્ડે બુધવારે જણાવ્યું હતું કે તેણે હોંગકોંગ અને સિંગાપોરમાં સંબંધિત સત્તાવાળાઓ પાસેથી સ્હૃઉૅં અને એવરેસ્ટની નિકાસ અંગેનો ડેટા માંગ્યો છે અને તે આ મુદ્દાનું "મૂળ કારણ" શોધવા માટે કંપનીઓ સાથે કામ કરી રહ્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

લોભને ધન વડે વશમાં કરી શકાય છે.

- આચાર્ય ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૬ સાતમનો ક્ષય છે તા.૩૦ એપ્રિલ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૨૦, ઉત્તરાષાઢા નક્ષત્ર, સાધ્ય યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૧૯, સૂ.અ.૭:૧૭
આજનો દિવસ અશુભ છે
આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), સવારે ૧૦:૩૬ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનની મુરાદ બર ન આવે. જીવનસાથી અંગે ચિંતા રહે.
વૃષભ:સામાજિક કાર્યમાં સફળતા રહે. આર્થિક પ્રશ્નોનો ઉકેલ મળે.
મિથુન:ગૃહવિવાદ થાય. શેર-સટ્ટા, જામીનગીરી જેવા કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.
કર્ક: મનની મૂંઝવણ દૂર થાય. ભાઈ-બહેનથી લાભ મળે.
સિંહ: કાર્યબોજ હળવો બને. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.
કન્યા: વાદ-વિવાદના ભોગ ન બનવું પડે તેની તકેદારી રાખવી. પ્રવાસ થાય.
તુલા: મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડીના ભોગ બનવું પડે.
વૃશ્ચિક:આનંદ-ઉત્સાહમાં વધારો થાય. નવિન આર્થિક આયોજનમાં સફળતા મળે.
ધન: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મકર: ધાર્યું કાર્ય થાય નહિં. માનસિક બોધરેશનમાં વધારો થાય.
કુંભ: ગૃહજીવનમાં આનંદ. પ્રવસા-મુસાફરી-પર્યટનથી લાભ.
મીન: મૂંઝવણમાંથી માર્ગ મળે. કાર્યભારમાં હળવાશ અનુભવાય.

# કેન્યામાં કુદરતી હોનારતમાં ૧૪૦થી વધારે લોકોના મોતની આશંકા

કેન્યા, તા.૩૦
કેન્યાના માઈ માહિયુ ક્ષેત્રમાં ભારે પૂરથી મૃત્યુઆંક ૨૦ થી વધીને ૪૨ પર પહોંચી ગયો છે. આ પહેલા સોમવારે સિટીઝન ટેલિવિઝને અહેવાલ આપ્યો હતો. આફ્રિકન દેશમાં પૂરે તબાહી મચાવી છે જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પૂરના કારણે મોટી સંખ્યામાં લોકો બેઘર બન્યા છે. મધ્ય કેન્યાના માઈ માહિયુમાં પૂરમાં ઓછામાં ઓછા ૪૨ લોકોના મોત થયા છે. સોમવારે વહેલી સવારે આ વિસ્તારમાં બંધ તૂટ્યા બાદ મૃત્યુઆંક વધી શકે છે. પોલીસે આ માહિતી આપી હતી. ત્યારે કેન્યા રેડ ક્રોસના X એકાઉન્ટ પર ભયાનક પૂરની તસવીરો પોસ્ટ કરવામાં આવી હતી. હાઈવે સત્તાવાળાઓએ પૂર પછીના દ્રશ્યો દર્શાવ્યા હતા, જેમાં વૃક્ષો ઉખડી ગયા હતા અને કાર લોગ અને કાદવ વચ્ચે ફસાઈ હતી.

નૈવાશા પોલીસ કમાન્ડર સ્ટીફન કિરુઈએ જણાવ્યું હતું કે,અમે અત્યાર સુધીમાં ૧૭ સગીરો સહિત ૪૨ મૃતદેહો બહાર કાઢ્યા છે. સવારની ઘટના બાદ કિજાબે વિસ્તારમાં તેના કાંઠા પર બંધ તૂટી ગયો હતો અને શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે.

અગાઉ સોમવારે, કેન્યા રેડ ક્રોસે જણાવ્યું હતું કે અચાનક પૂરના કારણે ઘણા લોકોને માઈ માહિયુમાં આરોગ્ય સુવિધામાં લઈ જવામાં આવ્યા હતા. છેલ્લા મહિનાથી ભારે વરસાદ અને પૂરના કારણે આજના મૃત્યુઆંક ૧૪૦ થી વધુ થઈ ગયા છે. માઈ માહિયુ ઘટનાને બાદ કરતા સરકારી આંકડા દર્શાવે છે કે સોમવાર સુધીમાં ૧૦૩ લોકો માર્યા ગયા હતા અને ૧૮૫,૦૦૦ થી વધુ લોકો વિસ્થાપિત થયા હતા. કેન્યા રેડ ક્રોસે શુક્રવારે જણાવ્યું હતું કે રવિવારે મોડી રાત્રે પૂર્વી કેન્યામાં ગેરિસા કાઉન્ટીમાં તાના નદીમાં બોટ પલટી જતાં તેના કર્મચારીઓએ બે મૃતદેહ બહાર કાઢ્યા હતા. તે જ સમયે, આ ઘટનામાં ૨૩ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા

તાંઝાનિયા અને બુરુન્ડી સહિત અન્ય પૂર્વ આફ્રિકન દેશોમાં ભારે વરસાદને કારણે ડઝનેક લોકો માર્યા ગયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે. પૂરના કારણે રસ્તાઓ અને પુલ જેવા માળખાકીય સુવિધાઓને વ્યાપક નુકસાન થયું છે. કેન્યા એરપોર્ટ ઓથોરિટીએ રવિવારે જણાવ્યું હતું કે રાજધાની નૈરોબીમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રોડ અંડરપાસ પૂરથી ભરાઈ ગયો હતો પરંતુ ફ્લાઈટ્સ સામાન્ય રીતે કાર્યરત હતી. સરકારી પ્રવકતાએ જણાવ્યું હતું કે હાઈડ્રોઈલેક્ટ્રિક ડેમ સંપૂર્ણ ક્ષમતાથી ભરાઈ ગયા છે, જે ડાઉનસ્ટ્રીમમાં મોટા પ્રમાણમાં ઓવરફ્લોનું કારણ બની શકે છે. ૨૦૨૩ના અંતમાં છેલ્લી વરસાદની મોસમ દરમિયાન પૂર્વ આફ્રિકામાં પણ રેકોર્ડ પૂર આવ્યું હતું. વૈજ્ઞાનિકો કહે છે કે આબોહવા પરિવર્તન વધુ તીવ્ર અને વારંવાર આત્યંતિક હવામાનની ઘટનાઓનું કારણ બની રહ્યું છે.

# ભાવનગરમાં કેસર કેરીની આવક શરૂ થઈ

ભાવનગર, તા.૩૦
ઉનાળામાં વિવિધ ફળ આવતા હોય છે. પરંતુ સૌથી વધુ કેરીની રાહ જોવાતી હોય છે. ઉનાળામાં કેસર કેરીનું આગમન થાય છે. કેસર કેરી લોકો ખાવાનું પસંદ કરે છે.

ઉનાળાની શરૂઆત થતા બજારમાં કેરી દેખાવા લાગી છે. હાલ બજારમાં ઓછા પ્રમાણમાં તમામ પ્રકારની કેરી દેખાઈ રહી છે. ભાવનગર જિલ્લામાં કેસર કેરીનું આગમન થયું છે. ભાવનગર જિલ્લામાં કેસર કેરીનો ભાવ એક મણના ૧૩૦૦ રૂપિયાથી ૨૭૦૦ રૂપિયા સુધી પહોંચ્યો છે.

ભાવનગરના તળાજા અને જેસર કેસર કેરીનો ગઢ ગણવામાં આવે છે. ભાવનગર જિલ્લાના તળાજા, જેસર, મહુવા સહિતના તાલુકામાં કેસર કેરીના બગીચા આવેલા છે અને હાલ કેસર કેરીને આવક શરૂ થઈ છે. મહુવા તાલુકા ના સ્થાનિક વેપારીએ જણાવ્યું કે, ભાવનગર જિલ્લાના ફ્રૂટ માર્કેટમાં કેસર કેરીની આવક શરૂ થઈ છે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં અથાણા કેરી તથા મુરબ્બાની કેસર કેરીની આવક શરૂ થઈ છે. કેસર કેરીનો ભાવ ૧૩૦૦ રૂપિયાથી ૨૭૦૦ રૂપિયા સુધી નોંધાયો હતો. સરેરાંશ ભાવ ૨૩૦૦ નોંધાયો હતો. હાલ કેસર કેરીની માંગ આવક થતાની સાથે જ વધવા લાગી છે અને મોટી માત્રામાં લોકો કેસર કેરીની ખરીદી કરી રહ્યા છે.

ભાવનગર જિલ્લામાં હાફૂસ કેરીની પણ આવક નોંધાય છે. હાફૂસ કેરીનો ભાવ ૧૬૫૦ રૂપિયાથી ૨૫૫૦ રૂપિયા નોંધાયો હતો અને સરેરાશ ભાવ ૨૩૦૦ રૂપિયા નોંધાયો હતો. ભાવનગર જિલ્લામાં ૯૦૦૦ હેક્ટર જમીન કરતાં પણ વધારે વાવેતર છે અને મોટી માત્રામાં આંબાની કલમો તૈયાર કરી અને ગુજરાત બહારના રાજયમાં મોકલવામાં આવે છે. જેથી મોટાભાગના ખેડૂતો બાગાયતી પાક કરી અને લાખો રૂપિયાની આવક પણ મેળવે છે.

ભાવનગર જિલ્લામાં સીઝનની પ્રથમ કેસર કેરીનું આગમન થતાં કેસર કેરીના રસિકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

# પૌત્રી ઉપર દુષ્કર્મના આરોપસર દાદા સામે નોંધાયેલી ફરિયાદ રદ કરવાની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી




અમદાવાદ, તા.૩૦
ગુજરાત હાઈકોર્ટ દ્વારા દાદા દ્વારા કથિત રીતે પૌત્રી ઉપર દુષ્કર્મ કરવાનો આક્ષેપ કરી નોંધાયેલી ફરિયાદ રદ કરવાની અરજી ફગાવી દેવામાં આવી હતી. આ કેસનો વિગતો મુજબ દાદા સામે પુત્રવધૂ દ્વારા વર્ષ ૨૦૨૩માં **IPC**ની કલમ ૩૭૬(A)(B) અને ૩૭૬(F) તેમજ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ (POCSO) એક્ટની કલમ ૪, ૬ અને ૧૦ મુજબ ફરિયાદ નોંધાઈ હતી. જેને રદ કરવા અરજદારે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. અરજીમાં જણાવ્યું હતું કે, અરજદાર પીડિતાના દાદા છે. ફરિયાદી અને અરજદાર વચ્ચે સમાધાન થઈ ગયું છે. અરજદાર ફરિયાદ થયેથી હજી સુધી જેલમાં જ છે. આ કેસમાં પીડિતા માત્ર ૪ વર્ષ અને ૮ મહિનાની હતી. તેની માતાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સ્પેશિયલ પોક્સો કોર્ટમાં આરોપી સામે તપાસ કરીને પોલીસે ચાર્જશીટ ફાઈલ કરી છે. જેથી ટ્રાયલ પણ શરૂ થઈ ચૂકી છે. સરકારી વકીલે અરજદારની અરજીનો વિરોધ કરતા જણાવ્યું હતું કે, આ કેસ સમાધાનને પાત્ર નથી. જેથી કોર્ટે આરોપીની અરજી નકારી નાખવી જોઈએ. કોર્ટે અરજદારની અરજી ફગાવતા નોંધ્યું હતું કે, ભારતના બંધારણમાં નાગરિકોને ગરીમાપૂર્ણ જીવન જીવવાનો હક આપ્યો છે. બાળકોના અધિકાર અને બંધારણ મુજબ બાળકોના સ્વાસ્થ્ય માનસિક અને શારીરિક ઉછેર માટે યોગ્ય વાતાવરણ મળવું જોઈએ. બાળકોના જાતીય શોષણને અટકાવવા જ **POCSO** એક્ટ અમલમાં આવ્યો છે. ભલે આરોપી અને ફરિયાદી વચ્ચે સમાધાન થયું હોય અને સાક્ષીઓ ફરી ગયા હોય. પણ તેનાથી આ કેસ રદ કરી શકાય નહિ. કોર્ટે ટ્રાયલ કોર્ટને જલ્દી ટ્રાયલ પૂર્ણ કરવા પણ હુકમ કર્યો હતો. ઉલ્લેખનિય છે કે પોક્સોને ચાઈલ્ડ સેક્સ્યુઅલ ઓફેન્સ પ્રોટેક્શન એક્ટ પણ કહેવામાં આવે છે. આ કાયદો ૨૦૧૨માં લાવવામાં આવ્યો હતો. આ કાયદો લાવવા પાછળનું સૌથી મોટું કારણ જાતીય સતામણીના કેસોમાં સગીર બાળકોને રક્ષણ પૂરૂં પાડવાનું હતું. પોક્સો એક્ટમાં વિવિધ પ્રકારની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ગુનેગારને ૨૦ વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા થઈ શકે છે. આ સિવાય દંડ પણ ભરવો પડી શકે છે. આ કાયદો ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને રક્ષણ આપવા માટે છે. પોક્સોના દોષિત આરોપીઓ સામે કડક સજાની જોગવાઈ પણ છે. અગાઉ ફાંસીની સજાની જોગવાઈ ન હતી, પરંતુ બાદમાં આ કાયદામાં આજીવન કેદ જેવી સજા પણ ઉમેરવામાં આવી.

### અમેરિકી વિદેશ મંત્રીનો મોટો આરોપ

# ચીન અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દખલ કરી રહ્યું છે

નવી દિલ્હી, તા.૩૦
અમેરિકી વિદેશ મંત્રીએ ચીનના રાષ્ટ્રપતિ ઉપર આગામી અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રભાવ અને હસ્તક્ષેપ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો. એન્ટની બ્લિંકન કહે છે કે અમે આ અંગે પુરાવા જોયા છે. આ પહેલા રાષ્ટ્રપતિ જો બાઈડેને પણ તેમના ઉપર ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવાનો આરોપ લગાવ્યો હતો. અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકનની ચીનની ત્રણ દિવસીય મુલાકાત સમાપ્ત થઈ ગઈ છે. હવે તેણે ચીન ઉપર ઘણા ગંભીર આરોપ લગાવ્યા છે. બ્લિંકને કહ્યું કે અમે આગામી અમેરિકા ચૂંટણીમાં પ્રભાવ અને તર્કસંગત રીતે હસ્તક્ષેપ કરવાના ચીનના પ્રયાસોના પુરાવા જોયા છે. પરંતુ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે અગાઉ આવું નહીં કરવાની ખાતરી આપી હતી. એન્ટની બ્લિંકને શુક્રવારે તેમની ચીનની મુલાકાત પૂર્ણ કરતી વખતે આપેલા ઈન્ટરવ્યુમાં તેમના પ્રવાસ વિશે વાત કરી હતી. આ ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે તેમણે રાષ્ટ્રપતિ જો બાઈડેનના શબ્દોને પુનરાવર્તિત કર્યા જે તેમણે ગયા વર્ષે નવેમ્બરમાં સાન ફ્રાન્સિસ્કોમાં તેમની સમિટ દરમ્યાન શી જિનપિંગને ૨૦૨૪ની અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં હસ્તક્ષેપ ન કરવા માટે આપ્યા હતા અને ત્યારબાદ ચીને તેમ કર્યુ હતું નહીં કરવાની પ્રતિબદ્ધતા આપી હતી.ઈન્ટરવ્યુ દરમ્યાન જ્યારે બ્લિંકનને પૂછવામાં આવ્યું કે શું ચીન હજુ પણ બાઈડેન પ્રત્યેની રાષ્ટ્રપતિની પ્રતિબદ્ધતાનું ઉલ્લંઘન કરી રહ્યું છે, તો તેમણે કહ્યું કે અમે ચૂંટણીને પ્રભાવિત કરવાના પ્રયાસો અને કથિત હસ્તક્ષેપના પુરાવા જોયા છે. અમે ખાતરી કરવા માંગીએ છીએ કે આ શક્ય તેટલી વહેલી તકે સમાપ્ત થાય. અમે અમારી ચૂંટણીમાં ચીનની દખલગીરી સહન કરી શકતા નથી.બ્લિંકને વધુમાં જણાવ્યું હતું કે અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીને પ્રભાવિત કરવા માટે ચીન અને અન્ય દેશો દ્વારા પ્રચારમાં હાજર સામાજિક વિભાજન અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. તે જ સમયે, અગાઉ ચીન અને ચીન સાથે સંબંધિત દેશો ઉપર કેનેડા જેવા દેશોમાં રાજકીય દખલગીરીનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

# ૨૦૨૩ના અંત સુધીમાં ગાઝામાં ઈઝરાયેલે ૮૦,૦૦૦થી વધુ પેલેસ્ટીનીની હત્યા કરી અથવા ઘાયલ કર્યા : અમેરિકી અંદાજ

(એજન્સી) તા.૩૦
યુનાઈટેડ સ્ટેટ્સે અનુમાન લગાવ્યું છે કે, પ્રદેશમાં કબજેદારોના ચાલુ આક્રમણ અને નરસંહાર અભિયાન વચ્ચે ૨૦૨૩ના અંત સુધીમાં ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં લગભગ ૮૦,૦૦૦ પેલેસ્ટીનીઓને માર્યા અથવા ઘાયલ કર્યા છે. વિશ્વભરના માનવાધિકારોના રવિવારના દિવસે તેના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલમાં યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, પેલેસ્ટીની પ્રતિકાર જૂથ, હમાસ દ્વારા ઈઝરાયેલના કબજા હેઠળના પ્રદેશમાં હુમલાને પગલે, ગાઝા ઉપર ઈઝરાયેલના લશ્કરી આક્રમણમાં ૨૧,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા અને વધુ ઘાયલ થયા. વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં ગાઝામાં ૫૬,૦૦૦થી વધુ, પેલેસ્ટીનીઓની બહુમતી સંખ્યા વિસ્થાપિત થઈ અને પરિણામે ગંભીર માનવતાવાદી કટોકટી સર્જાઈ. જ્યારે અહેવાલ સ્વીકારે છે કે, ઈઝરાયેલના દળોએ ગાઝામાં લગભગ ૮૦,૦૦૦ પેલેસ્ટીનીઓને માર્યા અથવા ઘાયલ કર્યા. ઘેરાયેલા પટ્ટીની વસ્તીની ૩ ટકા સંખ્યા ઈઝરાયેલના નરસંહાર અભિયાનના હસ્તે જાનહાનિના સતત વધારાથી ઘણી દૂર છે. માર્યા ગયેલા લોકોની સંખ્યા હવે ઓછામાં ઓછી ૩૪,૦૦૦ છે, તે કટોકટી અંગે યુએસનું પ્રમાણિક નિવેદન અપવાદરૂપ છે. પટ્ટીના ઘાયલોની સંખ્યા હવે લગભગ ૮૦,૦૦૦ જેટલી છે, તેમજ ગાઝામાં કુલ સંયુક્ત રીતે માર્યા ગયેલા અને ઘાયલોની સંખ્યા ઓછામાં ઓછી અંદાજિત ૧,૧૪,૦૦૦ પર પહોંચી ગઈ છે, જે પ્રદેશની વસ્તીના પાંચ ટકાથી વધુ છે. અહેવાલમાં જણાવ્યા મુજબ, ઈઝરાયેલે આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર લશ્કરી કાર્યવાહી કરવી જોઈએ અને નાગરિકોની સુરક્ષા માટે દરેક સંભવિત સાવચેતી રાખવી જોઈએ. અમે મહિલાઓ, બાળકો, વિકલાંગ વ્યક્તિઓ અને અન્ય સંવેદનશીલ વ્યક્તિઓ સહિત ગાઝામાં હજારો પેલેસ્ટીની નાગરિકોના મૃત્યુ અને ઈજાઓની ચિંતાઓ તાકીદે રજૂ કરવાનું ચાલુ રાખીએ છીએ. તેમાં ઉમેર્યુ હતું કે, વોશિંગ્ટન વારંવાર પેલેસ્ટીની નાગરિકોની માનવતાવાદી સહાયતાની પહોંચ, ગાઝાની મોટાભાગની વસ્તીના વિસ્થાપન અને માર્યા ગયેલા પત્રકારોની અભૂતપૂર્વ સંખ્યા વિશે ચિંતા વ્યક્ત કરે છે. સોમવારે એક પત્રકાર પરિષદમાં બોલતા યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ, એન્ટની બ્લિંકને જણાવ્યું હતું કે, વ્હાઈટ હાઉસ એવા અહેવાલોની સમીક્ષા કરે છે કે, ઈઝરાયેલે ગાઝા અને પશ્ચિમ કાંઠે યુદ્ધના આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કર્યું છે અને સમીક્ષાનો તે ભાગ તપાસ કરશે કે શું અમેરિકન હથિયારો સામેલ હતા. બ્લિંકને ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રક્રિયા ન્યાયી હશે પછી ભલે કોઈ દેશ વિરોધી હોય કે હરીફ હોય, મિત્ર હોય કે સાથી હોય.

# વોટ્સએપ હવે લીલું છે : બદલાવ પાછળનું કારણ શું છે જાણો...

નવી દિલ્હી, તા.૩૦
વોટ્સએપના અપડેટ્સ ભલે ગમે તેટલા નહિવત હોય, તેના વ્યાપક ઉપયોગને કારણે ઘણી વખત નોંધપાત્ર ધ્યાનાકર્ષિત કરે છે. એપ્લિકેશનના તાજેતરના રંગના ફેરફારથી તેના વપરાશકર્તાઓ વચ્ચે સંવાદો શરૂ થયા છે. અગાઉ તેની વાદળી થીમ માટે જાણીતી એપ્લિકેશને હવે એક નવા લીલા રંગમાં પરિવર્તિત કરવામાં આવી છે. આ પરિવર્તને તેના વિશાળ વપરાશકર્તાઓ વચ્ચે અભિપ્રાયો વિભાજિત કર્યા છે.



ભારતમાં લોકો પણ તેમની એપ્સમાં ફેરફાર જોઈ શકે છે. જો તમે તાજેતરમાં તમારી એપ્લિકેશન ઉપર લીલું ઈન્ટરફેસ જોયું છે, તો જાણો કે તમે એકલા નથી.

**Meta,** વોટ્સએપના માલિક, આ ફેરફારો દ્વારા આધુનિક, નવો અનુભવ પહોંચાડવાનો અને તેને વધુ સુલભ તેમજ ઉપયોગમાં સરળ બનાવવાનો હેતુ ધરાવે છે. કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેઓએ વોટ્સએપનો દેખાવ બદલ્યું છે. જેમાં રંગો, ચિહ્નો અને વધુનો સમાવેશ થાય છે. અપડેટ **iOS** અને એન્ડ્રોઈડ બંને વપરાશકર્તાઓ માટે ધ્યાનપાત્ર હશે, એન્ડ્રોઈડ વપરાશકર્તાઓ અગાઉના લીલા રંગથી શેડમાં ફેરફાર જોશે.

**iPhones,** જે વોટ્સએપના વાદળી રંગની યોજના ધરાવે છે. તે જોશે કે સ્ટેટસ બારથી લઈને ચેટ-લિસ્ટ વિન્ડો સુધીની દરેક વસ્તુએ તાજેતરના ડિઝાઈનમાં ફેરફાર કર્યો છે. એપમાં શેર કરેલી લિંક પણ હવે વાદળીને બદલે લીલા રંગમાં દેખાય છે.

એન્ડ્રોઈડ યુઝર્સ ડાર્ક મોડમાં સૂક્ષ્મ ગોઠવણો પણ જોશે, જે વધુ ઘેરા બનશે, જ્યારે લાઈટ મોડ વધારાની જગ્યા સાથે સુધારેલી વાંચન ક્ષમતા પ્રદાન કરશે. રંગ પરિવર્તન ઉપરાંત, વોટ્સએપ તેના વપરાશકર્તા અનુભવને બહેતર બનાવવાના હેતુથી અન્ય અપડેટ્સ લાગુ કર્યા છે. વોટ્સએપ તાજેતરમાં તેના મેસેજિંગ સૂચકાંકોમાં તેના કેટલાંક શબ્દોને કેપિટલાઈઝ કરવા માટે ચકાસણી હેઠળ આવ્યું છે. કેટલાક વપરાશકર્તાઓએ એક ફેરફાર નોંધ્યો, જ્યાં ઓનલાઈન અને ટાઈપિંગના પ્રથમ અક્ષરો અનુક્રમે ઓનલાઈન અને ટાઈપિંગમાં મોટા અક્ષરોમાં લખવામાં આવ્યા હતા. એન્ડ્રોઈડ અને **iOS** બંને ઉપર નોંધાયેલા આ ફેરફારે ઓનલાઈન નોંધપાત્ર ચર્ચાઓ શરૂ કરી હતી.

# પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં ૮૮ ટકા, માધ્યમિકમાં ૮૦ ટકા વિદ્યાર્થીઓ હાજર

અમદાવાદ, તા.૩૦
રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તાજેતરમાં પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં રાજ્યના ૮૮.૯૩ ટકા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં ૮૦.૮૭ ટકા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આમ, બંને પરીક્ષા મળી કુલ નોંધાયેલા ૩.૨૧ લાખ વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષામાં ૨.૮૦ લાખ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિના લાભાર્થીઓને પસંદ કરવા માટે પરીક્ષા યોજવામાં આવે છે. આ પરીક્ષા માટે ૧ માર્ચથી ૧૧ માર્ચ સુધી ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ફોર્મ ભરવાની મુદતમાં વધારો પણ કરવામાં આવ્યો હતો. ફોર્મ ભરવાની કાર્યવાહી પુર્ણ થયા બાદ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ૨.૫૭ લાખ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. જ્યારે માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ૬૪ હજાર વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. દરમ્યાન તાજેતરમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે વિદ્યાર્થીઓ ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૬માં અભ્યાસ કરતા હોય અને ધોરણ-૫માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવ્યો હોય તેઓ પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઉપસ્થિત રહી શક્યા હતા. જ્યારે જે વિદ્યાર્થીઓ ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ૯માં અભ્યાસ કરતા હોય અને ધોરણ-૮માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવ્યા હોય તેઓ માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઉપસ્થિત રહી શક્યા હતા. પરીક્ષા દરમ્યાન સમગ્ર રાજ્યમાંથી પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે નોંધાયેલા ૨.૫૭ લાખ વિદ્યાર્થીઓમાંથી ૨.૨૯ લાખ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને ૨૮ હજાર વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આમ, પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં રાજ્યના ૮૮.૯૩ ટકા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે નોંધાયેલા ૬૪ હજાર વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષા વખતે ૫૧ હજાર વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગેરહાજ રહ્યા હતા. આમ, માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં ૮૦.૮૭ ટકા હાજરી નોંધાઈ હતી.

# હેલિકોપ્ટરમાં ચઢતી વખતે મમતા બેનરજી લપસી પડ્યાં



કોલકાતા, તા.૩૦
**ANI**ના અહેવાલ મુજબ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી શનિવારના રોજ દુર્ગાપુરમાં હેલિકોપ્ટરમાં ચઢ્યા તેમની સીટ ઉપર બેસતી વખતે સંતુલન ગુમાવતા લપસીને પડી ગયા. મુખ્યમંત્રીને તેમના સુરક્ષા કર્મચારીઓએ મદદ કરી હતી. તેમણે ચૂંટણી રેલીને સંબોધવા માટે તેમની આસનસોલની મુસાફરી આગળ ધપાવી. મમતા બેનરજીની સાથે આવેલા એક વરિષ્ઠ અધિકારીએ **PTI** ને જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી જ્યારે બેસવા જઈ રહ્યા હતા ત્યારે તેમનું સંતુલન ગુમાવ્યા બાદ હેલિકોપ્ટરની અંદર પડી ગયા હતા. તેઓ ઠીક છે. ૧૪ માર્ચના રોજ ૬૯ વર્ષીય તૃણમૂલ કોંગ્રેસના વડા કોલકાતામાં તેમના કાલીઘાટ નિવાસની અંદર પડી ગયા અને તેમના કપાળ અને નાક પર ગંભીર ઈજા થઈ. તેમને થોડાં કલાકો માટે હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. બેનરજીના ભાઈ કાર્તિક બેનરજીએ એક બંગાળી ન્યૂઝ ચેનલને જણાવ્યું કે, **TMC** નેતાને મસ્તિષ્ક આઘાત અને તેમના કપાળ અને નાક ઉપર તીક્ષ્ણ કટ હતો જેનાથી ખૂબ લોહી વહી રહ્યું હતું. હોસ્પિટલના ડાયરેક્ટર, મણિમોય બંદ્યોપાધ્યાયે શરૂઆતમાં કહ્યું હતું કે, મમતા બેનરજી પાછળના ધક્કાને કારણે તેમના ઘરની નજીકમાં પડી ગયા હતાં. આ ટિપ્પણીએ તેમના લપસી પડવા અંગે ભારે મૂંઝવણ અને અટકળોને વેગ આપ્યો. બંદ્યોપાધ્યાયે પાછળથી સ્પષ્ટતા કરી હતી કે તેમનો અર્થ એટલો જ હતો કે મુખ્યમંત્રીને કદાચ પાછળથી ધક્કો લાગ્યો હશે. બંદ્યોપાધ્યાયે કહ્યું, અમારૂં કામ સારવાર કરવાનું છે અને અમે તે કર્યું છે મે કહ્યું તેનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું. તે સમયે ભાજપના વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારીએ દેખીતી રીતે બેનર્જીની ઈજાની મજાક ઉડાવીને વિવાદ સર્જ્યો હતો. પશ્ચિમ બંગાળના ખેજુરીમાં એક રેલીને સંબોધતા અધિકારીએ કોઈનું નામ લીધા વગર કહ્યું, **TMC**નો પ્રભાવ ઓછો થઈ ગયો અને તેનું પતન થઈ રહ્યું છે. **TMC**નું પતન ટોચથી શરૂ થયું છે, તે નીચલા સ્તર સુધી જશે. પશ્ચિમ બંગાળના મહિલા અને બાળ વિકાસ મંત્રી શશી પંજાએ જણાવ્યું હતું કે, દેશના એકમાત્ર મહિલા મુખ્યમંત્રી વિરૂદ્ધ આવી ટિપ્પણીઓ ભાજપની મહિલા વિરોધી માનસિકતાને પ્રતિબિંબિત કરે છે. અમે આવી ટિપ્પણીની નિંદા કરીએ છીએ અને માફીની માંગ કરીએ છીએ.

# ‘વિશ્વમાં ભારતની છબી’ બદલવા માટે અદાણી અને અન્યોએ વૈશ્વિક ‘ગેરસમજણ’ દૂર કરવા માટે થિંક ટેન્ક શરૂ કરી

## ‘કલાઈમેટ ચેન્જ અને જિયોપોલિટિક્સ વિશેની વાતચીત પશ્ચિમમાં થાય છે, તે ભારત ગ્લોબલ સાઉથનું પ્રતિનિધિત્વ કરતું નથી’

નવી દિલ્હી તા.૩૦
ટીકાકારો હંમેશા ફરિયાદ કરતા હોય છે કે વિદેશીઓ ભારતને અવગણે છે. હવે, અદાણી અને અન્ય કંપનીઓ આ વૈશ્વિક ધારણાઓ બદલવા માટે મોટી રકમ ખર્ચી રહ્યા છે. અદાણી ચિંતન રિસર્ચ ફાઉન્ડેશન નામની થિંક-ટેક્ક શરૂ કરી રહ્યા છે, જેની મૂડીમાં રૂા. ૧૦૦ કરોડ હશે. મોદી સરકારની અપેક્ષિત ત્રીજી મુદતની શરૂઆત સમયે ભારત અને વૈશ્વિક દક્ષિણ વિશે સંપૂર્ણ નવી વાર્તા માટે સ્ટેજ સેટ કરશે તેવી અદાણી ગ્રુપ આશા રાખે છે. એક અન્ય થિંક-ટેંક, ઈન્ટરનેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબિલિટી (ICfS) થોડા દિવસો પહેલા શરૂ થઈ. તેનું મહત્વાકાંક્ષી ધ્યેય પશ્ચિમ અને ભારત વચ્ચે ઈન્ટરફેસ બનવાનું છે. **ICfS**ને પણ ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે અને તેણે લંડન શહેરની મધ્યમાં આવેલા મોન્યુમેન્ટ નજીક ત્રણ માળ પર ૫,૦૦૦ ચોરસ ફૂટની ઓફિસ લીધી છે. પશ્ચિમના દેશો ભારતનું ખોટું અર્થઘટન કરી રહ્યા છે. ભૂતપૂર્વ વિદેશી સેવા અધિકારી પંકજ સરન, જે હાલમાં નટસ્ટ્રેટના કન્વીનર છે, જે પોતાને વ્યૂહાત્મક અને સુરક્ષા મુદ્દાઓ ઉપર સંશોધન માટે દિલ્હી સ્થિત સ્વતંત્ર કેન્દ્ર તરીકે ઓળખાવે છે. સરન ૨૦૨૧ સુધી નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર હતા અને અન્ય નિવૃત્ત વિદેશી સેવા અધિકારીઓ અને સુરક્ષા નિષ્ણાતો સાથે નિયમિત ઓનલાઈન ઈન્ટરવ્યુ લેતા હતા જેઓ ભૌગોલિક રાજનીતિ, ટેકનોલોજી અને રાષ્ટ્રીય સુરક્ષામાં આંતરદૃષ્ટિ દર્શાવે છે. આ થિંક-ટેક્ક્સ વૈશ્વિક પહોંચ મેળવવાનું લક્ષ્ય ધરાવે છે અને તેમના પ્રભાવને મજબૂત કરવા માંગે છે, ખાસ કરીને પશ્ચિમી વિશ્વમાં. ચિંતન ફાઉન્ડેશનનું મુખ્ય મથક દિલ્હીમાં હશે અને તેની ઓફિસ લંડન, ન્યૂયોર્ક અને બેંગ્લોર જેવા અન્ય ભારતીય શહેરોમાં હશે. તે ભારત અને વૈશ્વિક હિતો માટે કામ કરશે. શરૂઆતમાં, તે આબોહવા પરિવર્તન, ઊર્જા સંક્રમણ અને અલબત્ત, આંતરરાષ્ટ્રીય નાણાં જેવા ક્ષેત્રો ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે.

ચિંતન રિસર્ચ ફાઉન્ડેશનનો ધ્યેય ગત વર્ષે નવી દિલ્હીમાં **G20** સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે વૈશ્વિક સાઉથ ચાઈમ્સની હિમાયત કરવાનો છે જેથી ભારત વૈશ્વિક દક્ષિણનો અવાજ બની શકે. અદાણીનું કહેવું છે કે ફાઉન્ડેશન સાથેનો તેમનો સંબંધ મજબૂત હશે અને તેમની ભૂમિકા આ સંસ્થાને ભંડોળ પૂરૂ પાડવા સુધી મર્યાદિત રહેશે જેનું સંશોધન શરૂઆતમાં આબોહવા પરિવર્તન અને ઊર્જા સંક્રમણ, ભૌગોલિક રાજનીતિ અને અર્થતંત્ર અને વેપાર પર કેન્દ્રિત હશે. ફાઉન્ડેશનનો હેતુ ભારત અને વિદેશમાં ટોચના બૌદ્ધિકો અને ભૂ-રાજકીય નિષ્ણાંતો જે શોધખોળ કરી રહ્યા છે તેને પ્રકાશિત કરવાનો છે.

આ જૂથને લાગે છે કે કદ અને આર્થિક મજબૂતાઈ હોવા છતાં સમગ્ર વિશ્વમાં ભારતનો અવાજ યોગ્ય રીતે સંભળાતો નથી. આજે, વૈશ્વિક આબોહવા પરિવર્તન અને ભૌગોલિક રાજકીય હિતો વિશેની મોટાભાગની વાતચીત પશ્ચિમી દેશોમાં થાય છે. ૧૦૦ કરોડનું પ્રારંભિક ભંડોળ પૂરૂં પાડતી વખતે, જૂથને આશા છે કે ફાઉન્ડેશન સ્વતંત્ર રીતે આવક મેળવશે. ધીરૂભાઈ અંબાણીના રિલાયન્સ જૂથે ૧૯૯૧માં ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન (ORF) થિંક-ટેક્કની સ્થાપના કરી હતી. તેણે નાણાકીય સમર્થકોનું એક જૂથ બનાવ્યું છે અને તે એક સ્વતંત્ર જૂથ છે, તેને રિલાયન્સ પાસેથી તેના ભંડોળનો મોટો હિસ્સો મળે છે.

ઉભરતી ટેક્નોલોજી અને લોકશાહી ઉપર અસરની થીમ્સની સાથે, **ICfS**નો બીજો મુખ્ય ઉદ્દેશ્ય ભારત, યુરોપ અને યુએસને એકબીજાની નજીક લાવવાનો છે. નંદા કહે છે કે, અમે પશ્ચિમ અને ભારત વચ્ચે ઈન્ટરફેસ બનવા માંગીએ છીએ અને અમે મૂળભૂત રીતે લોકશાહી તરફી છીએ. અમારી પાસે એક પૂર્ણ-સમયના સંશોધક છે જે ફક્ત યુરોપીયન સંદર્ભમાં અને ભારતીય સંદર્ભમાં લોકશાહી ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. પશ્ચિમમાં વિચારસરણીએ તાજેતરના દાયકાઓમાં ભારતમાં થયેલા ફેરફારો સાથે માહિતી જાળવી રાખી નથી. તે દલીલ કરે છે કે આ પરિસ્થિતિ માટે દોષ ભારતનો પણ છે જેણે તાજેતરના દાયકાઓમાં દેશમાં થયેલા ફેરફારો અંગે સંચાર અને માહિતી આપવામાં સફળ રહ્યું નથી.

નંદા કહે છે કે, અમારી ભૂમિકા એ સુનિશ્ચિત કરવાની છે કે ભારત અને પશ્ચિમ દરેક સ્તરે સહયોગ કરી રહ્યાં છે. નંદા કહે છે કે, **ICfS** કોઈપણ સરકારી લિંકસથી સંપૂર્ણપણે મુક્ત છે. અમારો એજન્ડા ઘણો અલગ છે. અમે કોઈ પણ રાજકીય પક્ષ સાથે જોડાયેલા નથી. ફાઉન્ડેશનમાં શૌર્ય ડોવલની ભૂમિકા એક સાથી તરીકેની છે જે રાજકીય અર્થતંત્ર અંગે કામ કરશે. સરનની વાત કરીએ તો, તેઓ હંમેશા કારકિર્દી દ્વારા રાજદ્વારી રહ્યા છે જેમણે વોશિંગ્ટનમાં મુખ્ય હોદ્દાઓ સંભાળ્યા છે અને બાંગ્લાદેશ અને મોસ્કોમાં રાજદૂત હતા. તેઓ ૨૦૧૮થી ૨૦૨૧ સુધી વર્તમાન સરકારના નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પણ હતા અને તેમની વિચાર સરણીને સમજે છે.

બેંગલોરની તક્ષશિલા સંસ્થાના સહ-સ્થાપક અને ડિરેક્ટર નીતિન પાઈએ છેલ્લા ૧૪ વર્ષોમાં પાઈએ તક્ષશિલાને અનેક ક્ષેત્રોમાં નિપુણતા સાથે એક પ્રચંડ સંસ્થામાં ફેરવી છે. તે જાહેર નીતિની શાળા પણ છે અને વાર્ષિક આશરે ૧,૦૦૦ લોકો તેમાંથી સ્નાતક થાય છે. પાઈ કહે છે કે, આજે આ જાહેર નીતિની ભારતની સૌથી મોટી શાળા છે. શરૂઆતથી જ, તક્ષશિલાએ વિદેશી નાણા ન લેવાનું નક્કી કર્યું હતું. પાઈ કહે છે કે, જો તમે વેપાર સંતુલન ઉપર નજર નાખો તો વેપાર સંતુલન હજુ પણ અમારી તરફેણમાં નથી. અમે હજુ પણ વૈશ્વિક મુદ્દાઓ અને જાહેર નીતિના આયાતકાર છીએ. મને લાગે છે કે આપણે વિચારોના વેપાર સંતુલનને બદલવાની જરૂર છે. વિચારોના યુદ્ધક્ષેત્રમાં આ નવી થિંક-ટેક્ક એવું જ કરવાનો પ્રયાસ કરી રહી છે.

### તારીખ ૭ મે ના મતદાન અવશ્ય કરીએ

# જૂનાગઢ શહેરમાં સિંહના માસ્ક સાથે મતદાન જાગૃતિનો સંદેશો આપવામાં આવ્યો




જૂનાગઢ, તા. ૩૦

આગામી લોકસભા ચૂંટણી સંદર્ભે જૂનાગઢના વિવિધ વોર્ડોમાં આંગણવાડીના બહેનો તથા બાળકોના વાલીઓ દ્વારા મતદાર જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં આંગણવાડીના બહેનો તથા બાળકોના વાલીઓ દ્વારા સેવ ધ ડેટ મતદાન તા. ૭ મે સાથેના સિંહના માસ્ક સાથે મતદાન જાગૃતિનો સંદેશો નાગરીકોને આપવામાં આવ્યો હતો.

શહેરના મુખ્ય વિસ્તારોમાં લોકો વધુને વધુ મતદાન પ્રત્યે જાગૃત થાય એ માટે આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. મતદાન જાગૃતી અર્થે યોજાયેલી રેલીમાં આંગણવાડી બહેનો, બાળકો અને તેમના વાલીઓ ઉત્સાહભેર જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, દેશ - વિદેશમાં આગવી ઓળખ ધરાવતા એશીયાટીક સીંહની આ માસ્ક સાથે યોજાયેલી રેલી શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

# ગીર સોમનાથ અમરનાથ યાત્રા માટે સજ્જ

## ચાલુ વર્ષે શ્રધ્ધાળુઓના રજીસ્ટ્રેશનમાં સંખ્યા નિયંત્રણ, ફી વધારો ઉકેલ માંગતા પ્રશ્નો

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૩૦

સોમનાથ-વેરાવળ ખાતે આગામી તા.૨૯ જુનથી શરૂ થતી ૪૦ દિવસની અમરનાથ યાત્રા માટેનું રજીસ્ટ્રેશન શરૂ થઈ ચુકયું છે. આ યાત્રામાં રજીસ્ટ્રેશન કરાવતા પહેલા મેડીકલ ફીટનેશ સિવીલ હોસ્પીટલ, પીએચસી કે સીએચસી કે સરકારે નિયત કર્યા મુજબના અધિકારી ડોકટરનું ફીટનેશન સર્ટીફીકેટ અનિવાર્ય છે. વેરાવળ સિવીલ હોસ્પિટલમાં ૧૩ એપ્રિલથી મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ તેની કસોટી મુજબ યોગ્ય જણાય તો અપાય છે. આમાં તા.૨૯-૪-૨૪ સવારના ૧૨ સુધીમાં ૬૮ ફીટનેશ સર્ટીફીકેટ ઈશ્યુ કરાયેલ છે.

વેરાવળ સિવીલમાં પ્રથમ તો આ બાબતનો કેસ કઢાવવાનો હોય છે અને પછી કંમ્પલસરી હેલ્થ સર્ટીફીકેટ ફોર અમરનાથ યાત્રા ૨૦૨૪નું ફોર્મ મેળવવાનું હોય છે. અને શરીર પરીક્ષણનું ફોર્મ પાસપોર્ટ સાઈઝના બે ફોટા સાથે તે માટે નિયત પ્રોસીજર કરી રૂમ નં.૨૮ ખાતે ભરીને આપવાનું હોય છે. ૧૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને ૭૦ વર્ષથી વધુ ઉંમરના વૃધ્ધોને તદઉપરાંત છ સપ્તાહ કરતા વધુના ગર્ભ સાથે ગર્ભવતી મહિલાને અમરનાથ યાત્રા કરવાની પરવાનગી મળતી નથી. ફીટનેશ મળ્યા બાદ જ રજીસ્ટ્રેશન વિધી કરાતી હોય છે. હેલ્થ સર્ટીફીકેટમાં મુખ્ય શું જોવાય છે તે જોઈએ તો ઈસીજી, એકસ-રે, બ્લડ રીપોર્ટ, ફેફસાને લગતી બિમારી, બ્લડ ડીસઓર્ડર, કોઈ ઈજા પહોંચે તો સતત લોહી વહે, હૃદય સંબંધીત બિમારી, હાઈ બ્લડ પ્રેશર, વાઈ આવવી, નર્વસ બ્રેક ડાઉન, ઉંચાઈનો ડર, ભુતકાળમાં કોઈ સ્ટ્રોક આવ્યો હોય અથવા લકવો થયો હોય, ધુમ્રપાન કરતા હોય તો તેનો ઉલ્લેખ, શરીરમાં કયારેક ઓપરેશન કરાવ્યું હોય, શરીરમાં આર્ટીફીશીયલ અંગ ફીટ કર્યા હોય તો તે વિગત, ખોરાક, વાતાવરણ અથવા અન્ય વસ્તુઓની એલર્જી હોય તો તેની વિગત દર્શાવવાની રહે છે. આમ આવા ૧૬ ટેસ્ટની વિગત મંગાય છે. અગર તપાસયા છે.

યાત્રિકોની શું મુશ્કેલી છે તે જોઈએ તો જૂનાગઢના યાત્રિકે મુશ્કેલી વર્ણવતા કહયું હતું કે, અગાઉ બાલતાલ અને પટેલગાંવથી પ્રતિ દિવસે ૨૫-૨૫ યાત્રિકોની બેંચને જવા દેવા મંજુરી હતી. જેમાં હવે કાપ મુકાયો છે અને બંને જગ્યાએ પ્રતિદિવસ ૮ પ્રવાસીઅને મંજુરી આપવામાં આવે છે. જેથી અગાઉ ૨૫-૨૫ની બેંચને કારણે કુલ ૫૦ યાત્રિકો ફી ચુકવીને અમરનાથ યાત્રા કરી શકતા હતા અને હવે માત્ર ૮ કરી દેતા લોકોને અન્ય જીલ્લાના કવોટામાં જવું પડે છે. આ ઉપરાંત અગાઉ રૂા.૫૦ રજીસ્ટ્રેશન ફી હતી જેમાં પણ હવે રૂા.૧૦૦ નો વધારો કરી રૂા.૧૫૦ કરી દેવાય છે.

આ યાત્રા એ એક એવી યાત્રા છે કે લોકો સમુહમાં અને સાથે કરવા ઈચ્છતા હોય છે જેથી કોઈ સવગડ-અગવડ કે તકલીફમાં એકબીજાને મદદરૂપ બની શકે અને સાથે દર્શન-પુણ્યનો આનંદ માણી શકે. હવે કવોટા ઘટાડવતા સમુહને અલગ-અલગ દિવસે જવા મળે જેને કારણે યાત્રાનો ઉત્સાહ ઓસરી જાય છે.

# દુનિયાભરનું એક માત્ર એરપોર્ટ જ્યાં રનવે પર નયનરમ્ય શોભાયાત્રા નીકળે છે!

## અદાણી ગ્રુપ સંચાલિત એરપોર્ટ દ્વારા સમુદાયોની પરંપરાઓનું સન્માન



અમદાવાદ તા. ૩૦

શું તમે કોઈ એવું એરપોર્ટ જોયું છે જેના રનવે પરથી હાથી-ઘોડા અંબાડી અને ઢોલનગારા સાથે વિવિધ પ્રતિકૃતિઓ ધરાવતી શોભાયાત્રા નીકળતી હોય? જી હા, આજે અમે તમને એક એવા એરપોર્ટની મુલાકાત કરાવવાના છીએ જ્યાં સમુદાયોની ભાવનાઓના સન્માન કાજે શોભાયાત્રા માટે એરપોર્ટ ફ્લાઈટ્સની અવરજવરને મોકૂફ રાખે છે. તિરુવનંતપુરમ ઈન્ટરનેશનલ એરપોર્ટ દુનિયાભરનું એક માત્ર એરપોર્ટ છે જેનો રનવે શોભાયાત્રાની સુવિધા માટે કલાકો સુધી બંધ રાખવામાં આવે છે. એટલું જ નહીં, તમામ ફ્લાઈટ્સ રિશેડ્યૂલ કરવામાં આવે છે. સદીઓ-જૂની શોભાયાત્રાની પરંપરાને જાળવી રાખવા વર્ષમાં બે વાર આ પ્રકારનું આયોજન કરવામાં આવે છે.

આ શોભાયાત્રા પાછળ એક ઐતિહાસિક તથ્ય પણ માનવામાં આવે છે. ઈતિહાસકારો અનુસાર જ્યારે એરપોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું હતું, ત્યારે તત્કાલીન ત્રાવણકોરના રાજા ચિથિરા થિરુનાલે વર્ષમાં ૩૬૩ દિવસ લોકો માટે આ જગ્યા ખુલ્લી રાખવાનો અને શાહી પરિવારની શોભાયાત્રા માટે બે દિવસ જગ્યા ખુલ્લી રાખવાનો પ્રસ્તાવ મુક્યો હતો.

ઑકટોબર-નવેમ્બરમાં આવતા અલ્પાસી ઉત્સવ અને માર્ચ-એપ્રિલમાં પેનકુની તહેવાર દરમિયાન રનવે બંધ થાય તે પહેલાં એરપોર્ટ દર વર્ષે બે વાર એરમેનને (નોટમ) નોટિસ જારી કરે છે. અદાણી ગ્રુપે એરપોર્ટનું સંચાલન સંભાળ્યા બાદ આજદિન સુધી રાજવી યુગની પરંપરાગત વિધિ યથાવત્ રહી છે.

સદીઓ-જૂની ઔપચારિક શોભાયાત્રા રનવે પરથી પસાર થઈ શકે તે માટે એરપોર્ટ દાયકાઓથી દર વર્ષે બે વાર ફ્લાઈટ્સ ઓપરેશનની કામગીરીને થોભાવે છે અને ફ્લાઈટ્સનું પુનઃનિર્ધારણ કરે છે. એકવાર શોભાયાત્રા સમાપ્ત થયા બાદ એરપોર્ટ રનવેની સંપૂર્ણ સાફ-સફાઈ અને નિરીક્ષણ કરી ફ્લાઈટસની સેવાઓ ફરી રાબેતા મુજબ શરૂ કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, આ પ્રકારની શોભાયાત્રાથી મુસાફરોની અવરજવર કે એરટ્રાફિકમાં કોઈ ઘટાડો થતો નથી. વર્ષ ૨૦૨૩ -૨૪ દરમિયાન તિરુવનંતપુરમ ઈન્ટરનેશનલ એરપોર્ટ (છન) ના મુસાફરોની સંખ્યા અને એર ટ્રાફિકની હિલચાલ બંનેમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૨-૨૩માં ૩.૪૬ મિલિયન મુસાફરોની સરખામણીએ એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધીમાં કુલ ૪.૪ મિલિયન મુસાફરોએ એરપોર્ટ પરથી મુસાફરી કરી હતી. જે એરપોર્ટના ઈતિહાસમાં સૌથી વધુ મુસાફરોની સંખ્યા પૈકી એક છે.

# જૂનાગઢની પીકેએમ કોલેજ ખાતે ચૂંટણી ફરજ સાથે જોડાયેલ ૧૦૯૭ સ્ટાફની તાલીમ યોજાઈ

## પોલિંગ સ્ટાફના ૯૩૪ કર્મીઓનું પોસ્ટલ બેલેટથી મતદાન પૂર્ણ



જૂનાગઢ,તા. ૩૦

જૂનાગઢની પીકેએમ કોલેજ ખાતે ચૂંટણી ફરજ સાથે જોડાયેલ સ્ટાફની તાલીમ અને ત્યાર બાદ પોસ્ટલ બેલેટથી મતદાનની પ્રક્રિયા આજ રોજ યોજાઇ હતી. આવતી કાલ સુધી યોજાનાર તાલીમ અને મતદાનમાં આજે પ્રથમ દિવસે ચૂંટણી ફરજ સાથે જોડાયેલા ૧૦૯૭ સ્ટાફની તાલીમ યોજાઈ હતી. અને ત્યારબાદ ૯૩૪ પોલીંગ સ્ટાફે પોસ્ટલ બેલેટથી મતદાન પૂર્ણ કર્યું હતું. આજે યોજાયેલ તાલીમના પ્રથમ સેશનમાં સવારે ૫૧૪ પ્રિસાઈડિંગ ઓફિસર અને બપોરના સેશનમાં ૫૮૩ પોલીંગ ઓફિસરોએ માસ્ટર ટ્રેનર્સ પાસેથી મેન્યુલી અને પીપીટીના માધ્યમથી તાલીમ મેળવી હતી.

આ તાલીમમાં ડિસ્પેચિંગથી લઈને મતદાન થાય ત્યાં સુધીની પ્રક્રિયા, પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર ૧,૨ અને ૩ ને કરવાની થતી કામગીરી, ચાલુ મતદાન વખતે રાખવાની થતી ધ્યાન રાખવા જેવી બાબતો જેવી કે ટેન્ડરવોટ, તકરારી મત, ટેસ્ટ વોટ અને કોઈ મતદાર મતદાનની ના પાડે એ અંગે તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. તેમજ ક્યુઆર કોડના માધ્યમથી સ્ટાફની ચૂંટણીલક્ષી બાબતો અંગે ટેસ્ટ પણ લેવામાં આવી હતી. આ ઉપરાંત ઇ.વી.એમ.નું નિદર્શન આઈટીઆઈ માસ્ટર ટ્રેનર્સ દ્વારા યોજાયું હતું.

અત્રે ઉલ્લેખની છે કે, ચૂંટણી ફરજ સાથે જોડાયેલ સ્ટાફની આ બીજી તાલીમ પૂર્ણ થઈ છે. હવે પછીની અંતિમ તાલીમ વિધાનસભામાં ફરજ નિભાવવાની હશે ત્યાં આગામી દિવસોમાં યોજાનાર છે. તાલીમ પૂર્ણ થયા બાદ ૯૩૪ પોલિંગ ઓફિસરોએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતુ.

# જૂનાગઢના ઔદ્યોગિક એકમો ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## હું અવશ્ય મતદાન કરીશની પ્રતિજ્ઞા લઈ શ્રમયોગીઓ સંકલ્પબદ્ધ થયા



જૂનાગઢ તા. ૩૦

લોકસભા સામાન્ય ચૂંટણીમાં જૂનાગઢ જિલ્લામાં મહત્તમ મતદાન થાય અને લોકજાગૃતિ વધે એ માટે વહિવટી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો થઈ રહ્યા છે.જે અન્વયે જૂનાગઢના વિવિધ ઔદ્યોગિક એકમો ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર રાજયની સાથેજૂનાગઢ જિલ્લામાં સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદારોની સહભાગીતા વધારવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહયુ છે. જૂનાગઢ શહેરના જુદા જુદા ઔદ્યોગિક એકમો જેવા કે પાર્થ પોલી વુવન પ્રાઈવેટ લીમીટેડ,પરફેકટ ઓટો એકસેસરીઝ,રાજાણી ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, ક્રિએટિવ કાસ્ટિંગ, કાસ્ટેક અને વેસ્ટર્ન પ્લાસ્ટિક સહિતના એકમો ખાતે કામ કરતા મતદારો સાથે સંવાદ સાધવામાં આવ્યો હતો. તેમજ કામદારો અને તેના પરીવારજનોને પણ તા. ૭ મે ના રોજમતદાન માટે અપીલ કરવામાં આવી હતી. અને ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી અને શ્રમિકોએ મતદાનના શપથ લીધા હતા.

# મતદાનના દિવસે શ્રમયોગીઓ પોતાનો મત્તાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજૂર કરવા આદેશ કરાયો



જૂનાગઢ તા. ૩૦

આગામી ૭ મેં ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે, ત્યારે સહ નોડલ ઓફિસર માઈગ્રેટરી ઈલેક્ટર્સ અને સરકારી શ્રમ અધિકારી જૂનાગઢ દ્વારા લોક પ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ ની કલામ ૧૫૩(બી) મુજબ જૂનાગઢ જિલ્લામાં આવેલ તમામ સંસ્થા, ફેક્ટરી, સાઈટ પરના શ્રમયોગીઓને મતદાનના દિવસે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે. આ જોગવાઈ અનુસાર કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહિ. જે કર્મચારીઓની ગેરહાજરીથી જોખમ ઉભું થાવનો સંભવ હોઈ અથવા જે વ્યવસાય સાથે સંકળાયેલ હોઈ તેમાં મોટા પ્રમાણમાં નુકસાન થવા સંભવ હોઈ તેવા કીસ્સામાં કર્મચારીઓને મતદાનના સમયગાળા દરમિયાન ત્રણથી ચાર કલાક માટે સવેતન રાજા આપવાની રહેશે.

જો કોઈ સંસ્થાના માલિક શ્રમયોગી ઉપર ઉપરોક્ત જોગવાઈ વિરુદ્ધ વર્તન કરશે તો કાયદા મુજબ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મતદાનના દિવસે રાજા સંદર્ભે કોઈ ફરિયાદ હોઈ તો મદદનીશ શ્રમ આયુકતનું કચેરી, જૂનાગઢ ખાતે ટેલીફોને નંબર ૦૨૮૫-૨૬૩૧૪૬૮ તથા જિલ્લા કંટ્રોલ રૂમ નંબર ૧૯૫૦ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# શ્રી સારસ્વત બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામજીની આરતીનું આયોજન

જૂનાગઢ તા. ૩૦

સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ(સંગઠન) જૂનાગઢ દ્વારા તા.૧૦/૦૫/૨૦૨૪ના રોજ બ્રહ્મસમાજના આરાધ્ય દેવ શ્રી પરશુરામ ભગવાનના પ્રાગટય દિવસ ની ભવ્ય ઉજવણીના વધામણાના ભાગરૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી પરશુરામજીની આરતી પુરા જૂનાગઢ શહેર ના અલગ અલગ વિસ્તારોમાં કરવામાં આવશે. જેમાં પરશુરામ ભગવાનની આરતીનું શ્રી સારસ્વત બ્રહ્મ સમાજ દ્વારા તા.૩-૫-૨૪ ને શુક્રવારે સાંજે ૭.૩૦ કલાકે સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, જવાહર રોડ, જૂનાગઢ ખાતે આયોજન કરેલ છે. તો આરતીનો લાભ લેવા સર્વે જ્ઞાતિજનોને ભાવભર્યું નિમંત્રણ આપવામાં આવે છે. આ સાથે જ આરતી બાદ અલ્પાહાર બધા સાથે લેશું તેમ એક યાદીમાં છે.

# કોંગ્રેસે વારસાગત ટેક્ષ અને માતા-પિતા પાસેથી વારસામાં મળેલી સંપત્તિ જપ્ત કરવાની માનસિકતાએ ‘દેશને પાયમાલ’ની પરિસ્થિતિમાં લઈ જઈ પોતે ‘માલામાલ’ થવાની પેરવી કરી રહી છે : ડો.ભરતભાઈ બોઘરા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩૦

કોંગ્રેસે વારસાગત ટેક્ષ અને માતા–પિતા પાસેથી વારસામાં મળેલી સંપત્તિ જપ્ત કરવાની માનસિકતાએ "દેશને પાયમાલ"ની પસ્થિતિમાં લઈ જઈ પોતે "માલામાલ" થવાની સ્થિતિ-પેરવી કરી રહી છે, કોંગ્રેસ સત્તા પર હતી ત્યાં સુધી દેશમાંથી કાયમી ગરીબી હટાવવાને બદલે ગરીબોની સંખ્યા વધે તે જ કાર્ય કર્યુ છે. બંધારણની અવગણના કરીને ધર્મ આધારિત અનામત લાગુ કરી ઓ.બી.સી.ના સમાજોના હકક છીનવવાનો કાયમી પ્રયાસ કર્યો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને લક્ષમાં રાખી દેશમાં સામાજીક સમસરતાનું સ્થાપન કર્યુ છે. દેશની જનતા ભાજપની સાથે છે અને ફરી દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદી આરૂઢ થશે તેમ રાજકોટ કેવલમ ખાતે પત્રકાર પરિષદના માધ્યમથી પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ ડો.ભરતભાઈ બોઘરાએ જણાવ્યું હતું. ડો. બોઘરાએ વધુ માહિતી આપતાં જણાવ્યું હતુ કે, દેશમાં લોકશાહીના પર્વ સમાન ચુંટણીઓમાં દરેક પાર્ટીઓ પોત પોતાના એજન્ડા રજુ કરતાં હોય છે. ત્યારે આ લોકસભાની ચુંટણીમાં કોંગ્રેસે પોતાના એજન્ડાઓ રજુ કરેલ છે જેમાં પ્રથમ દૃષ્ટિએ કોંગ્રેસના એજન્ડામાં દેશ વિરોધી તાકાતોને બળ મળે તેવાં મુદાઓનો સમાવેશ કરેલ છે. જેમાં ખાસ કરી વારસાગત ટેક્ષની વાત કરેલ છે જેમાં સામ પિત્રોડાએ એવું કહયું છે કે આપણાં દેશના મધ્યમ વર્ગનાં લોકો કઠોર પરિશ્રમ કરીને કમાઈ છે તેના પર ટેક્ષ લગાડવો જોઈએ તેમજ માતા પિતા પાસેથી વારસામાં મળેલી સંપત્તિ પર પણ ટેક્ષ લગાવશે અને આવી સંપત્તિ તેના સંતાનોને નહિ પણ કોંગ્રેસને મળશે. કોંગ્રેસના આ લોકસભાની ચુંટણીના એજન્ડામાં દેશના વિકાસની કોઈ વાત નથી. પરંતુ કોંગ્રેસે જીવન સાથે, જીવન પછી, અને જયાં સુધી તમે જીવતા રહો ત્યાં સુધી તમારા પર કર બોજ નાખી આર્થિક પરિસ્થિતિને નુકશાન પહોંચાડશે.ભારત આઝાદ થયું ત્યારથી કોંગ્રેસે પોતાના એજન્ડામાં હંમેશા દેશ પછાત રહે તેવી દિશામાં કામ કર્યુ છે અને પોતે આ દેશમાં પોતાની સત્તા બનાવી રાખે અને દેશની જનતાને કોઈ પણ સુખ સગવડની સવલતોથી વંચિત રાખવી, કોંગ્રેસની સત્તામાં દેશની જનતાને શિક્ષણના અભ્યાસની સગવડતાથી દુર કરી અને દેશનો વિકાસ ન થાય તેવા અને પોતાની સત્તાને મજબુત કરી શકે તેવી માનસિકતા ધરાવતો પક્ષ હોઈ અને દેશને વધુને વધુ ગરીબ બનાવી દેશની સંપત્તિ લુંટવાનો, આતંકવાદને પ્રોત્સાહન આપતાં અને દેશની સંસ્કૃતિનું હનન કરી દેશને પછાત કરવાનો અને દેશને ગરીબી રેખામાં નીચે લઈ જવાનો હંમેશા એજન્ડા રહયો છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતનું સ્વપ્નું સાકાર કરવા કટીબધ્ધ બન્યા છે અને છેલ્લાં દશ વર્ષમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થઈ રહેલ દેશનો સર્વાંગી વિકાસ અને વિશ્વમાં એક દેશની અલગ ઓળખ ઉભી કરી છે અને દેશ આવનારા સમયમાં વિશ્વ મહાસત્તા બને તે માટે નરેન્દ્રભાઈ મોદી નિર્ણાયક દિશામાં કાર્ય કરી રહયા છે અને દેશની જનતાએ પણ અબ કી બાર મોદી સરકાર અબ કી બાર ૪૦૦ કે પાર ના સુત્રને દેશના યુવાનો, દેશના ગરીબો, દેશના શોષિતો, પીડીતો, મહિલાઓ, ખેડુતો, સાકાર કરવા માટે ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાયા છે ત્યારે આવા સમયે શાંત અને વિકસિત પાણીમાં અશાંત-હાથ કોંગ્રેસ અને અન્ય અલગતાવાદી પરિબળો સાથે મળી દેશમાં કોમવાદ, જ્ઞાતિવાદ, નકસલવાદ, આંતકવાદ જેવા મુદાઓને જોર–શોરથી ઉત્તેજન આપી દેશ વિરોધી તાકાતોને બળ આપી શાંત પાણી ને ડહોળવા માટે વમળો પેદા કરી રહયુ છે.

પત્રકારોએ પરસોતમ રૂપાલાના ક્ષત્રિયોના આંદોલન વિશે પૂછેલા સવાલના જવાબમાં ડો.ભરતભાઈ બોઘરાએ જણાવ્યું હતું કે શ્રી રૂપાલાએ ત્રણ વખત ક્ષત્રિયોની માફી માગી લિધી છે. રાહુલ ગાંધીએ રાજા રજવાડા જમીન હડપ કરે છે, આવુ નિવેદન કરી, માફી પણ માંગી નથી તે એક (!) ની બાબત છે ને તે વખોડવાને પાત્ર જ છે. તેંને રાજાની વાત કરી પણ મોગલ સલતનતે અત્યાચાર કરેલ તેની વાત કેમ નથી કરતા...? (!)

ડૉ. બોઘરાએ કોંગી ઉમેદવાર પરેશ ધાનાનીના "પટેલીયા" જેવા શબ્દ ને જાહેર જીવનમા નિમ્ન કક્ષાના શબ્દોચારનો પ્રયોગ ના કરવા જોઈએ જે પોતે...પણ.....!...(?)...!!!. તેમને જણાવેલ કે કોંગ્રેસની સતા હતી ત્યારે પટેલ સાહિત દરેક જ્ઞાતીનાને હેરાનગતી હતી. "કોંગ્રેસનો આખો ઘાણવો દાઝેલો છે" કોંગ્રેસને જે બફાટ કરવો હોય તે કરે પ્રજાના આશીર્વાદ ભાજપ સાથે છે.ભાજપ સરકારનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આગામી ૨૪ વર્ષ ૨૦૪૭ ભારતની પ્રગતિનો માર્ગ નકકી કરવા માટે એક મોટી યોજનાની રૂપરેખા રજૂ કરી છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિશ્વ સમક્ષ વિકસિત દેશ તરીકે રજુ કરવા માટે ભારતનું વિઝન ડોકયુમેન્ટ રજૂ કરવામાં આવ્યું છે. આ સાથે વિકસિત ભારત કાર્યક્રમ, મોદી કી ગારંટી અભિયાન કાર્યક્રમ જેવાં ભારતના વિકાસમાં દેશની જનતા, યુવાનો, મહિલાઓને દેશને ડીઝીટલ ક્ષેત્રે, શિક્ષણક્ષેત્રે, વિજ્ઞાનક્ષેત્રે સંશોધનમાં આગળ કરી દેશની સુખાકારીમાં વધારો થાય તેવા પ્રયત્નો નરેન્દ્રભાઈ મોદીના રહયા છે અને તેની વિચારધારા સાથે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, હોદેદારો પણ દેશની જનતાની સુખાકારી વધી રહે તેવા પ્રયત્નો હંમેશા કરતા રહે છે અને દેશનો વિકાસ કરી સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન થાય તેવાં કાર્યોમાં દેશની જનતા સાથે સૌનો સાથ સૌનો વિકાસના સુત્રમાં સહભાગી બની રહે છે. અંતમાં ડો.ભરતભાઈ બોઘરાએ જણાવ્યું હતું કે લોકસભાની ચુંટણીમાં નરેન્દ્રભાઈ મોદીની જીત ચોકકસ થશે અને લોકસભાની ચુંટણીમાં કોંગ્રેસે ચુંટણીના પરિણામ પહેલાં જ હાર સ્વીકારી લીધી છે અને પરિણામ પછીની જે માનસિકતા હારેલા પક્ષની હોય તેવી માનસિકતા કોંગ્રેસ પક્ષની થઈ રહી છે.

આ પત્રકાર પરિષદમાં પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા અને રાજુભાઈ ધ્રુવ સહિતના ઉપસ્થિત રહયા હતા. આ પ્રેસ કોન્ફરન્સને સફળ બનાવવા સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી તેમજ અરવિંદભાઈ જોષીએ જહેમત ઉઠાવી હતી.

# દ્વારકામાં યોજાયેલ ૧૦૬માં નિઃશુલ્ક નેત્રયજ્ઞમાં ૮૧ દર્દીઓએ લાભ લીધો





(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩૦

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારકા, પૂજ્યશ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ, શ્રી આનંદભાઈ ગોકાણી, મેનેજીંગ ટ્રસ્ટી માતુશ્રી મોંઘીબેન હ.વિ.ગો. મે. ચે.ટ્રસ્ટ , દ્વારકાના ઉપક્રમે દ્વારકામાં યોજેલ નિઃશુલ્ક નેત્રયજ્ઞ માં કુલ ૮૧ દદીઓએ લાભ લીધો , જે પૈકી ૨૨ દર્દીઓ ને મોતીયાના ઓપરેશનની જરૂરીયાત હોતા તેઓને રાજકોટ લઈ જઈ નિઃશુલ્ક ઓપરેશન કરાવી, નેત્રમણી બેસાડી, ટ્રીટમેન્ટ કરી પરત દ્વારકા લવાશે.

દદીઓને લાવવા, લઈ જવા, રહેવા, જમવાની સુવિધા પણ વિનામૂલ્યે રાખેલ. આ કેમ્પને સફળ બનાવવા શ્રી અશ્વિનભાઈ ગોકાણી, કે.જી.હિન્ડોચા, જેન્તીભાઈ પાબારી ,લખુભાઈ સોમૈયા , સુરેશ ભાઈ દતાણી , રાજેન્દ્ર સિંગ, પ્રવિણભાઈ મકવાણા વગેરે કાર્યકરોએ જહેમત ઉઠાવેલ.

# દ્વારકામાં સંત શિરોમણી સદગુરૂ દેવ શ્રી પ્રેમભિક્ષુજી મહારાજની ૫૪ મી પુણ્યતિથિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો






(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩૦

દ્વારકામાં ચૈત્ર વદ પાંચમ ગઈકાલે સોમવારના રોજ સંત શિરોમણી કરુણા અવતાર સદગુરુ શ્રી પ્રેમ ભિક્ષુજી મહારાજ ની ૫૪ મી પુણ્યતિથિ ઉત્સવ અખંડ હરિનામ સંકીર્તન મંદિર રામધૂન દ્વારા ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી જેમાં સવારે ૮:૩૦ વાગ્યે સમુદ્ર પૂજન,૧૦:૩૦ વાગ્યે અભિષેક પૂજન,બપોરે ૧ ૨ વાગ્યે ઉત્સવ આરતી તેમજ બપોરે ૧૨:૩૦ વાગ્યે શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ બ્રહ્મપુરી નંબર ૧ માં મહાપ્રસાદનું આયોજન કરાયું હતું અને સાંજે શહેરના રાજમાર્ગો પર શ્રી રામ જય રામ જય જય રામના મહામંત્ર સાથે ઢોલનગારા સાથે નગર કિર્તન નીકળેલ જેમાં બહોળી સંખ્યામાં દ્વારકાવાસીઓ તેમજ બહારથી પધારેલા ભાવિકો જોડાયા હતા.

# ઉના : મચ્છુન્દ્રી નદીના કાંઠે બિરાજતા શ્રી શકત માં અને ખોડીયાર માતાજીના સાનિધ્યમાં નવચંડી યજ્ઞનો લાભ લેતા ભાવિકો





(નવીન જોષી દ્વારા)

ઉના તા.૩૦

ઉના શહેરમાં મચ્છુન્દ્રી નદીના કાંઠે બિરાજતા શ્રી શકત માં અને ખોડીયાર માતાજીના સાનિધ્યમાં નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫ હવન કુંડીનું મહા યજ્ઞમાં બહોળી સંખ્યામાં લોકો ઉમટયાં હતાં. શકત માં સેવાભાવી યુવાનો દ્વારા છેલ્લા ઘણા સમયથી હજેમત ઉઠાવી ભવ્ય આયોજન કરી રહ્યા હતા. અને આ ધાર્મિક નવચંડી યજ્ઞમાં ભાઈઓ બહેનો બાળકો વડીલો સહીત પરિવારજનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. શ્રી શકત માં અને ખોડીયાર માતાજીના સાનિધ્યમાં નાની નાની બાળાઓ માતાજીના રૂપમાં જોવા મળી હતી. નવચંડી યજ્ઞમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ પણ ખાસ ઉપસ્થિત રહી માતાજીના કાર્યમાં ૩૧હજારનું દાન અર્પણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં ભગતસિંહ ગ્રુપ દ્વારા ઠંડા સોડા પીણા વિનામૂલ્યે લોકોને પીવડાવી સેવા આપી હતી. આ નવચંડી યજ્ઞમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# માંગરોળ તાલુકામાં આરોગ્ય સુવિધાઓમાં થયો વધારો




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩૦

માંગરોળમાં આશિર્વાદ હોસ્પિટલ ખાતે આરોગ્ય સુવિધાઓમાં વધારો થયો છે જેમાં ડોકટર સાંગાણી ની સાંગાણી હોસ્પિટલસ તેમજ આશીર્વાદ હોસ્પિટલ નાં સંયુક્ત ઉપક્રમે માંગરોળ તાલુકાના લોકોને સારી આરોગ્ય સુવિધાઓ મળી રહે તેવા હેતુથી માંગરોળ આશીર્વાદ હોસ્પિટલ ખાતે આજે આઈ સી યુ ,યસીજી,કાર્ડીયોગ્રામ ઓક્સિજન સહીતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને તેનો ફાયદો માંગરોળ તાલુકાના લોકોને મળે તેવા હેતુથી શરૂઆત કરી છે.

ખાસતો માંગરોળ પંથકમાં આવી કોઈપણ સુવિધાઓ પુરતી સંખ્યા મા નથી જેથી માંગરોળ પંથકનાં દર્દીઓને બહાર જવાની ફરજ પડતી હતી પરંતુ હવે એક સેવાનાં હેતુ સાથે ડોકટર સાંગાણી તેમજ આશીર્વાદ હોસ્પિટલ નાં સંયુક્ત ઉપક્રમે માંગરોળ શહેરમાં અધતન સુવિધા સાથે હોસ્પિટલ કાર્યરત થતાં માંગરોળ તાલુકાના દર્દીઓને સારી સુવિધા ઉપલબ્ધ મળી રહેશે. આ ઉદઘાટન પ્રસંગે જુનાગઢ સાંસદ રાજેશ ચુડાસમા તેમજ ધારાસભ્ય ભગવાનજી કરગટીયા અને રાજભા ચુડાસમા (મામા સરકાર) ઉપસ્થિત રહ્યા હતા અને લોકોને સારી સુવિધાઓ મળી રહે તેવા પ્રયાસો હાથ ધર્યા હતા.સુવિધાઓની સાથે સાથે આયુષ્યમાન કાર્ડ ચાલે તેવીપણ ગરીબ દર્દીઓને સુવિધાઓ મળી રહેશે. ખાસતો ડોક્ટર રાજેશ સાંગાણી તેમજ ડોકટર અજય સાંગાણી અને ડોક્ટર ધોળીયા સહીતના ડોકટરો દ્વારા તમામ લોકોને સેવાનાં ભાવ સાથે આ હોસ્પિટલ શરૂ કરવામાં આવતા આસપાસનાં લોકોને હવે બહાર જવાની જરૂર નહીં પડે. આ હોસ્પિટલ માં તમામ આત્યાધુનિક મશીનો તેમજ ઓક્સિજન સહીતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પહેલા માંગરોળ પંથકમાં આવી કોઈપણ સુવિધાઓ પુરતા પ્રમાણ મા નહીં હોવાથી માંગરોળ પંથકનાં દર્દીઓને બહાર જવાની જરૂર પડતી હતી પરંતુ હવે માંગરોળ પંથકનાં દર્દીઓને બહાર જવાની જરૂર નહીં પડે આ પ્રસંગે અનેક મહાનુભાવોએ હાજરી આપેલ.

# ગીર સોમનાથ જીલ્લાના ૧૧ માછીમારો પાકિસ્તાનની જેલમાંથી મુકત થઈ માદરે વતન પહોંચશે

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૩૦

પાકિસ્તાન જેલમાં લાંબા સમયથ કેદ ગીર સોમનાથ જીલ્લા ૧૧ સહિત ૩૫ જેટલા ભારતીય માછીમારોને પાકિસ્તાન આજે મુકત કરી રહયું છે. જેને ફીસરીઝ વિભાગની ટીમ વાઘા સરહદે લેવા પહોંચી છે. મુકત થતા માછીમારો પાંચ બોટના છે જેમાં તા.૧૩-૫-૨૨ના રોજ પકડાયેલ ઓખાની એક બોટ અલ કિરમાણી, તા.૨૭-૯-૨૨ના રોજ પકડાયેલ માંગરોળની બોટ પૃષ્ટીકૃપા, તા.૨૭-૯-૨૨ના રોજ પકડાયેલ માંગરોળની મત્સ્યગંગા, તા.૯-૧૧-૨૨ના રોજ પકડાયેલ પોરબંદરની માલન આજકૃપા, તા.૨૪-૧૧-૨૨ના રોજ પકડાયેલ ઓખાની બોટ વસીલા એ ગોસ મળી કુલ પાંચ બોટના માછીમારો મુકત થઈ રહયા છે.

આ માછીમારોમાં ગીર સોમનાથ જીલ્લાના ૧૧, દેવભુમી દ્વારકાના ૧૪, મહારાષ્ટ્રના ૬, દિવના ૪ મળી કુલ ૩૫ માછીમારો મુકત થઈ માદરે વતન પહોંચશે.

વેરાવળ ખાતે ફીશરીઝ અધિકારી વી.કે.ગોહિલ તથા નયનભાઈ મકવાણા સહિત સમગ્ર સ્ટાફ આ અંગે ખાસ વ્યવસ્થા ગોઠવી રહેલ છે અને વાઘા સરહદે સલામતી ચકાસણી બાદ તેમને બરોડા અને ત્યાંથી વેરાવળ સુધી લાવવા ગુજરાત ફીશરીઝના ચાર અધિકારીઓની ટીમ વાઘા સરહદે જરૂરી રેકર્ડ સાથે રવાના થઈ છે. અને કબ્જો સંભાળ્યા બાદ સંભવતઃ તા.૨ અથવા તા.૩ના રોજ વેરાવળ માદરે વતન પહોંચશે. ટ્રેન-બસની અનુકુળતા પછી સતાવાર આગામ તારીખ જાહેર થઈ શકે છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના મતદાન મથકોમાં ‘તમારૂ મતદાન મથક જાણો’ કેમ્પેઈન યોજાયું

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

દેવભૂમિ દ્વારકા **Know Your Polling Station** કેમ્પેઈન અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૬૩૪ મતદાન મથકો પર મતદારોને મૂંઝવતી બાબતે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. આ કેમ્પેઈનમાં ૧૫ હજારથી વધુ મતદારો સહભાગી બન્યા હતા. ઉપરાંત ચુનાવ પાઠશાળાના માધ્યમથી મતદાન જાગૃતિ કરવામાં આવી હતી.



ઘણી વખત મતદાન મથકનું સ્થળ ખબર ન હોવા ના કારણે અથવા તો મતદાન માટે જરૂરી ઓળખના પુરાવા અને એકથી વધુ પોલિંગ સ્ટેશન ધરાવતા પોલિંગ સ્ટેશન પર ક્યાં મતદાન મથકમાં મતદાન માટે જવાનું છે, તેની જાણકારીના અભાવે મતદારો મતદાન મથકે મૂંઝવણ અનુભવતા હોય છે. ત્યારે આ માટે ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલા **Know Your Polling Station** કેમ્પેઈનના માધ્યમથી આ પ્રકારની મતદારોની તમામ મૂંઝવણો બુથ લેવલ ઓફિસર સહિતના કર્મચારીઓ દ્વારા દૂર કરવામાં આવી હતી.

ઉપરાંત મતદારોને મતદાન મથક ખાતે પ્રાપ્ય સુવિધાઓની જાણકારી આપવામાં આવી હતી. સાથે જ મતદાન મથકો પર જરૂરી નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લા ખાતે ૧૪ સખી મતદાન મથકો, **2 PwD** મતદાન મથકો, ૨ આદર્શ મતદાન મથકો તથા ૧ યુવા સંચાલિત મતદાન મથક પર પણ આજ પ્રકારે **Know Your Polling Station** કેમ્પેઈન હાથ ધરાયું હતું. આમ જુદા જુદા મતદાન મથકો અને મતદાન પ્રક્રિયા વિશે જાણકારી આપવામાં આવી હતી.

# સોમનાથ મહાદેવના દર્શને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીઝ સિકયોરીટી ફોર્સના પોલીસ જવાનો-અધિકારીઓ



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૩૦

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે સૌરાષ્ટ્રમાં લોકસભા ચુંટણી બંદોબસ્તમાં મુકાયેલી સીઆઈએફટી પોલીસ જવાનો, અધિકારીઓની ટુકડીએ દર્શન અને મુલાકાત લીધી.

એસપી સુબ્રતા ઘોષ અને પીઆઈ ધ્રુવા રાય તથા ૮૦ પોલીસ જવાનો સોમનાથ મંદિરે આવી પહોંચતા સોમનાથ મંદિર નાયબ પોલીસ અધિક્ષક ખટાણા, સોમનાથ મંદિર પીઆઈ રાજપુર, પીએસઆઈ રાવલ તથા સ્ટાફે તેઓનું ભાવભીનું સ્વાગત કરી આવકાર આપ્યો અને ગીર સોમનાથ પોલીસ વતી આતિથ્ય સત્કાર કરી દર્શન કરાવી સોમનાથ તીર્થ વિષે ઈતિહાસ જાણકાર આપી સંતોષકારક મહેમાનગતી કરી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠા ઉપર ખેલાઈ રહેલો લોકસભા ચૂંટણી જંગ

## ચૂંટણી લડતા ઉમેદવાર કરતા નેતાગીરી ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા મતદારને કરાતી હાકલ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

લોકસભાની ચૂંટણી ૨૦૨૪નો જંગ બરાબરનો જામ્યો છે. ચૂંટણી માટેના બે તબક્કા યોજાઈ ગયા છે અને બાકીના તબક્કાનું મતદાન યોજવા જઈ રહ્યા છે. ત્યારે આગામી તા.૭ મેના રોજ ખાસ કરીને ગુજરાતની ૨૫ બેઠકો ઉપર ચૂંટણી યોજાવાની છે અને જે અંગેની તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. લોકશાહીના પર્વ એવા લોકસભાની ચૂંટણી પર્વ આ વખતે અનોખો ઈતિહાસ રચવા જઈ રહ્યો હોય તેમ લાગે છે. ૨૦૧૪થી ૨૦૨૪ સુધીના સમયગાળા એટલે કે ૧૦ વર્ષના સમય દરમ્યાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેન્દ્રની સરકારની કામગીરીની દેશની જનતા તુલના કરી રહી છે. તેવા સંજોગોમાં નરેન્દ્ર મોદી ફરી એકવાર એટલે કે ત્રીજી વખત હેટ્રીક નોંધાવવા જઈ રહ્યા છે અને આ જીતની હેટ્રીક માટે પોતાની પ્રતિષ્ઠા દાવ ઉપર લગાડી છે. ખાસ કરીને 'મોદી સરકારની ગેરંટી'ના સુત્રોથી જનતાને વિશ્વાસ સાથે કરેલી કામગીરીનો અહેસાસ કરાવવામાં આવી રહ્યો છે. તો બીજી તરફ સૌથી મોટા પક્ષ ગણાતા કોંગ્રેસ પાસે લોકસભાની ૫૪૩ બેઠકો પૈકી માત્ર ૩૦૦ની આસપાસ ઉમેદવાર મુકી શકયા છે અને અન્ય પક્ષો સાથે ગઠબંધન કરવામાં આવ્યું છે. આમ જોવા જઈએ તો આ વર્ષે સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે ભાજપ ઉભરી આવેલ છે અને સૌથી વધારે ફંડ પણ ભાજપને મળ્યું છે. ચૂંટણી જીતવા માટેની તરકીબો રાજકીય પક્ષો અજમાવી રહ્યા છે. બેરોજગારી, મોંઘવારી, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓ તો હીન્દુવાદ વિકાસ, રામરાજય સહિતના મુદ્દાઓ આ ચૂંટણીમાં જોવા મળે છે. તો ઘણા સ્થળોએ કથિત નેતાઓના વિવાદે બળતામાં ઘી હોમ્યું છે. ઉનાળાની સખ્ત ગરમી એટલે કે હીટવેવ જેવી સ્થિતિ વચ્ચે ઉમેદવારો તેના કાર્યકર્તાઓ ચૂંટણી પ્રચાર રૂપી પરસેવા પાડી રહ્યા છે. આગામી પાંચ તારીખ સુધી ગુજરાતભરના નેતાઓની ચૂંટણી સભાઓના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. રેલી, સભા, લોકસંપર્ક જેવા કાર્યક્રમો યોજાશે. આમ લોકસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર તંત્ર જોરશોરથી ચાલી રહ્યું છે. ગુજરાતની લોકસભાની બેઠકો અને વિધાનસભાની પેટા ચૂંટણી માટે ૭ મેના રોજ મતદાન થવાનું છે અને તેની તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. વિશેષમાં ચૂંટણીમાં દરેક પક્ષ અમે આમ કરશું અને તેમ કરશુંના વચનો તો દર વખતે આપતા હોય છે અને આ વખતે પણ આપી રહ્યા છે.

પરંતુ આ વખતની ચૂંટણીમાં એક બાબત ઉડીને આંખે વળગે તેવી એ રહી છે કે લોકસભાની ચુંટણીના પ્રચારમાં જયારે મતદારો પાસે જવાનું થાય ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા કેન્દ્ર સરકારની કામગીરીની ઝલક દર્શાવે છે. ઉપરાંત મતદારોને વિવિધ મુદ્દાઓ દર્શાવી અને અંતમાં એવું પણ કહેવામાં આવે છે કે, જો ઉમેદવાર સામુ ન જોતા આપણે તો કેન્દ્રના હાથ મજબુત કરવા માટે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સ્પોટ કરવાના ભાગ રૂપે અહીના ઉમેદવારને વિજેતા બનાવવાના છે તેવું હાલ થઈ રહ્યું છે. ટુંકમાં લોકસભાની આ વખતની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠા ઉપર ચૂંટણી જંગ ખેલાઈ રહ્યો છે તેમ કહીયે તો અતિશયોકતી નહી ગણાય.

# જૂનાગઢમાં વડાપ્રધાનની ચૂંટણી સભાને લઈને પોલીસનો લોખંડી જાપ્તો

## કૃષિ યુનિવર્સિટી ખાતે અલગ-અલગ ઝોન વાઈઝ પોલીસ બંદોબસ્તની ફાળવણી : સભા સ્થળ, હેલીપેડ, કોનવે, રોડ-રસ્તા, ધાબા પાર્કિંગ, સ્ટેજ સહિતના પોઈન્ટ ઉપર ગોઠવાયું સુરક્ષા ચક્ર

















(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢના કૃષિ યુનિવર્સિટીનું ગ્રાઉન્ડ લશ્કરી છાવણીમાં ફેરવાઈ ગયું હોય તેમ લાગે છે. આગામી તા.૨જી મે અને ગુરૂવારના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચૂંટણી સભા યોજવામાં આવનાર છે અને જેને લઈને સુરક્ષાના ભાગરૂપે તકેદારીના પગલા અંતર્ગત પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવી રહ્યો છે. વિશાળ ડોમ અને સમીયાણું બનાવવામાં આવેલ છે અને કાર્યક્રમને લઈને તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પોલીસ ફોર્સના જવાનો ઠેર-ઠેર જોવા મળી રહ્યા છે.

દેશભરમાં લોકસભાની ચૂંટણીને લઈને મતદાનની પ્રક્રિયાના તબક્કાઓ પુર્ણ થઈ રહ્યા છે. આગામી તા.૭મેના રોજ ગુજરાત સહિત અન્ય રાજયોમાં પણ મતદાનની પ્રક્રિયા યોજાનાર છે અને ચૂંટણીના આ માહોલમાં ઠેરઠેર જાહેર સભા તેમજ નેતાઓની ચૂંટણી સભા અને ચૂંટણી પ્રચાર તંત્ર વેગવાન બન્યું છે ત્યારે જૂનાગઢના આંગણે પણ આગામી તા.૨જી મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચૂંટણી સભા યોજવામાં આવનાર છે અને જે અંગે તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. કૃષિ યુનિવર્સિટીના ગ્રાઉન્ડમાં બંદોબસ્ત માટેની તૈયારીઓ પણ ચાલી રહી છે. આ અંગે વધુમાં મળતી વિગત અનુસાર, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આગામી તા.૨જી મે ગુરૂવારે બપોરે ૨ કલાકે કૃષિ યુનિવર્સિટીના મેદાનમાં એક ચૂંટણી સભા યોજાનાર છે અને તેમાં ૪૦ હજારથી વધારે લોકો ઉમટી પડે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેને લઈ વિશાળ સમીયાણો ઉભો કરવામાં આવેલ છે. દરમ્યાન જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જયાં ચૂંટણી સભા યોજાવાની છે તેવા કૃષિ યુનિવર્સિટીના મેદાન ખાતે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે.

જૂનાગઢ ઉપરાંત અમરેલી, ગીર-સોમનાથ, પોરબંદર સહિતના જીલ્લામાંથી પોલીસ કુમક બોલાવવામાં આવી છે. આ ઉપરાંત ૭ એસપી, ૧૫ ડીવાયએસપી, ૨૨ પીઆઈ, ૧૧૭ પીએસઆઈ, ૧૦૫૧ પોલીસ સ્ટાફ, ૧૮૪ એસઆરપી જવાનો, ૩ ગાર્ડ, ૬૦૦ જેટલા હોમગાર્ડ, જીઆરડી જવાન સહિતનો ૨૨૫૦થી વધુનો પોલીસનો ચુસ્ત બંદોબસ્ત જાહેર સભા માટે ગોઠવવામાં આવેલ છે અને ગઈકાલે વિવિધ ઝોન વાઈઝ પોલીસ બંદોબસ્તની પણ ફાળવણી કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં વિનામૂલ્યે મેગા નિદાન કેમ્પ યોજાયો : ૩૦૦થી વધારે દર્દીઓએ લીધો લાભ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢમાં દોમડીયા વાડી ખાતે રવિવારે સવારે ૧૦થી ૨ દરમ્યાન વિનામૂલ્યે મેગા નિદાન કેમ્પનો કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. જાણીતી એચસીજી હોસ્પિટલ રાજકોટ અને શ્રી સૌરાષ્ટ્ર પટેલ સંસ્કૃતિ સમાજ, દોમડીયા વાડી જૂનાગઢ તથા મહાસાગર ટ્રાવેલ લિમિટેડ જૂનાગઢ અને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર જૂનાગઢ દ્વારા આ વિનામૂલ્યે મેગા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નિષ્ણાંત અને અનુભવી ડો. પાર્થ લાલચેતા (એમએસ, એમસીએચ ન્યુરોસર્જન, મગજ અને કરોડરજ્જુના તમામ રોગોના નિષ્ણાંત), ડો. મોનીલ પરસાણા એમસીએચ હેડ એન્ડ નેક ઓન્કો સર્જન, ડો. પાર્થ હિંગોલ એમબીબીએસ, એમએસ (ઈએનટી) (કાન, નાક અને ગળાના તમામ રોગોના નિષ્ણાંત, ડો. તપન પારેખ ડીએમ (ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના રોગોના નિષ્ણાંત), ડો. દિશીત વઘાસીયા એમએસ (ઓર્થોપેડીક) (ઘુંટણ તથા થાપાના સાંધાના તમામ રોગોના નિષ્ણાંત) સેવા આપી હતી. ગઈકાલે યોજાયેલા વિનામૂલ્યે મેગા નિદાન કેમ્પમાં ૩૦૦થી વધારે દર્દીઓએ લાભ લીધો હતો. આયોજકો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# જૂનાગઢમાં જુના ભાડુતે એક રૂપિયો પણ વળતર લીધા વિના જગ્યા ખાલી કરી આપી સમાજને નવો રાહ ચિંધ્યો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં ગઈકાલે સમાજને પ્રેરણારૂપ એક બનાવ બન્યો હતો. જેમાં જુના ભાડુતે એક રૂપિયો પણ વળતર ન લીધા વિના જગ્યા તેના માલિકને સોંપી દીધી હતી અને સાથે જ કોમી એકતાનું ઉદાહરણ પણ પુરૂ પાડયું હતું. આ તકે હિન્દુ-મુસ્લીમ સમાજના આગેવાનો આ બનાવના સાક્ષી બન્યા હતા. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢની અજંતા ટોકીઝ પાસે એક કોલસાની લાતી હતી. જગ્યાના માલિક યુસુફભાઈ હતા. અને કિર્તીભાઈ મનસુખલાલ જસાણી તેના ભાડૂઆત હતા. આ ૧૫૦ વારના ખુલ્લા પ્લોટનું દર મહિને ભાડું રૂા.૧૪૦ હતું. કિર્તીભાઈ ૭૦ વર્ષની વયે પહોંચતાં તેઓ વેપારમાંથી નિવૃત્તિ લેવા માંગતા હતા. તેમને સંતાનમાં ૩ પુત્રીઓ સાસરિયે છે. તેમણે એક રૂપિયો વળતર લીધા વિના યુસુફભાઈને આ જગ્યા ખાલી કરી આપી. તેમણે કહ્યું, આ જગ્યામાંથી હું સારા એવા રૂપિયા કમાયો છું. આજથી ૨૦ વર્ષ પહેલાં એક બિલ્ડરે તેમને આ જગ્યા આપવા બદલ ૧૫ લાખ રૂપિયાની ઓફર કરી હતી. તે વખતે તેમણે કહ્યું હતું કે, હું જ્યારે ધંધો બંધ કરીશ ત્યારે ભગવાન મહાવીર સ્વામીના નિયમ મુજબ એકપણ રૂપિયો લીધા વગર આપી દઈશ. એજ વાત પર તેઓ કાયમ રહ્યા. આ સાથે તેમણે જગ્યાના માલિકને શાલ ઓઢાડી હાર પહેરાવી આભાર પણ માન્યો. કિર્તીભાઈની વગર પાઘડીએ જગ્યા ખાલી કરવાની વાત જાણી તેમની બાજુમાં ૧૦૦ વાર જગ્યાના ભાડૂઆત બિપીનભાઈ ભટ્ટે પણ એ જગ્યા એક રૂપિયો લીધા વિના ખાલી કરી આપી. જેને વેપારી આગેવાનો અને હિન્દુ-મુસ્લીમ સમાજના આગેવાનોએ પણ વધાવી લીધી.

# જૂનાગઢમાં રોપવે સેવા આજે ત્રીજા દિવસે પણ બંધ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

છેલ્લા બે દિવસથી ભારે પવન ફુંકાવાના કારણે ગિરનાર રોપવે સેવા બંધ રાખવામાં આવી છે અને આજે ત્રીજા દિવસે પણ સાનુકુળ વાતાવરણ ન હોવાના કારણે રોપવે સેવા આજે પણ બંધ રહી છે તેમ જાણવા મળે છે. જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ક્ષેત્રમાં ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજીના દર્શન માટે દેશભરમાંથી લાખો ભાવિકો દર વર્ષે દર્શનાર્થે આવે છે અને ગિરનાર ઉપર રોપવે કાર્યરત થયા બાદ યાત્રિકોની સંખ્યામાં ભારે વધારો થયો છે અને દરરોજ હજારો ભાવિકો રોપવે મારફત અંબાજી માતાજીનો દર્શનનો લાભ લે છે. દરમ્યાન ભારે પવન ફુંકાવવાના કારણે સલામતીની દ્રષ્ટીએ આજે ત્રીજા દિવસે પણ રોપવે સેવા બંધ રાખવામાં આવી છે અને સાનુકુળ પવન થાય ત્યારે ફરી રોપવે સેવા કાર્યરત થશે.

# જૂનાગઢ સહિત સોરઠવાસીઓને એક અઠવાડીયું સખ્ત ગરમીનો સામનો કરવો પડશે




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેર સહિત સોરઠવાસીઓને એક અઠવાડીયું સખ્ત ગરમીનો સામનો કરવો પડશે તેવી આગાહી કરવામાં આવી રહી છે. ઉનાળાના આ દિવસોમાં ચૈત્ર માસના દનૈયાનો પ્રારંભ થયો છે અને છેલ્લા ૧૫ દિવસથી ગરમીનું પ્રમાણ વધી જવાના કારણે બપોરના સમયે બજારોમાં સુમસામ જેવું વાતાવરણ સર્જાઈ છે. દરમ્યાન સતત પાંચમાં દિવસે ગઈકાલે તાપમાનનો પાર ૪૧.૪ ડિગ્રીએ પહોંચી જતા જૂનાગઢ શહેર અને સોરઠ વિસ્તારમાં ગરમીનું મોજું ફરી વળ્યું હતું અને લોકો અકળાયા હતા. ગઈકાલે તાપમાનનો પાર ૪૧.૪એ પહોંચી ગયો હતો અને સવારની માફક બપોરે પણ ભેજનું પ્રમાણ ઘટી ૧૭ ટકા થઈ જતા તાપમાનની અસર બેવડાઈ હતી. આ ઉપરાંત આકાશમાંથી ૨.૪ કિલોમીટરની ઝડપે ગરમ પવન અને બળબળતી લુ ફેંકાઈ હતી. ગઈકાલે રાત્રીના પણ અસહ્ય ગરમી અને ઉકળાટનો અનુભવ લોકોને થયો હતો. આજે સવારથી જ ફરી પાછું ગરમીનું આવરણ સતત રહ્યું હતું અને તાપમાનનો પારો વધી રહ્યો છે. કૃષિ યુનિવર્સિટી હવામાન વિભાગના ધિમંત વઘાસીયાએ અગાઉ પણ આગાહી કરી હતી કે, એપ્રિલના છેલ્લા અઠવાડીયામાં જૂનાગઢ અને સોરઠમાં હિટવેવ જેવી સ્થિતિનું નિર્માણ થશે અને મુજબ તાપમાન રહેવા પામ્યું છે અને તેઓના જણાવ્યા અનુસાર જૂનાગઢ સહિત સોરઠવાસીઓને હજુ પણ એક અઠવાડીયું સખ્ત ગરમીનો સામનો એટલે કે હિટવેવ જેવી સ્થિતિમાં રહેવું પડશે.

# માંગરોળમાં જુના મનદુઃખથી કુટુંબી ભાઈઓનો કાકા ભત્રીજા પર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

માંગરોળ તા.૩૦

માંગરોળ પંથકમાં પાઈપ અને તલવાર વડે હુમલાનો બનાવ બનવા પામેલ છે અને ચાર સામે ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ફરિયાદી હનીફભાઈ ઈબ્રાહીમભાઈ ચાંદા(ઉ.વ.૪૦) રહે. કલતપર સિંહવાવ સીમ વિસ્તાર સીમશાળા પાસે માંગરોળ વાળાએ ઈસ્માઈલ આહમદ ચાંદા, ઈબ્રાહીમ આહમદ ચાંદા, તાહીર ઈસ્માઈલ, સાજીદ ઈસ્માઈલ રહે.માંગરળ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી અને તેનો ભત્રીજો હાસીમ ઉમર ચાંદા બંને માંગરોળ મજુરી કામે મોટરસાઈકલ લઈ જતા હતા ત્યારે આ કામના આરોપી નં-૧, ૨નાઓએ ફરિયાદી તથા સાહેદની મોટરસાઈકલ પાછળ આવી આરોપી નં-૧ના હાથમાં લોખંડનો પાઈપ વડે સાહેદ હાસીમભાઈના શરીરે ઘા કરતા ફરિયાદી તથા હાસીમ મોટરસાઈકલ સાથે નીચે પડી જતા આરોપીઓએ ભુંડી ગાળો બોલી ફરિયાદી તથા સાહેદોને ઢીકાપાટુનો તથા પાઈપ વડે માર મારી તેમજ આરોપી નં-૧નાએ સાહેદ હાસીમને તલવાર વડે માથાના ભાગે એક ઘા મારી ઈજા કરી તેમજ બીજા આરોપીઓએ ફરિયાદી તથા સાહેદોને લાકડી વડે ધોકા વડે શરીરે આડેધડ માર મારી ઈજાઓ કરી જીવતા રહેવા નહી દઈએ એમ ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા માંગરોળ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.બી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.